M. S. UNIVERSITY OF BARODA

Chap-6

# ૬ :: વિશિષ્ટ શિક્ષણવ્યવસ્થા

## ૬.૧ પ્રારંભિક :

પુરોગામી પ્રકરણમાં, ગુજરાતી ચરિતસાહિત્યમાંથી ઉપલબ્ધ થતાં સંદર્ભસ્ત્રોતોને આધારે, ગુજરાતમાં વિકસેલી બ્રિટિશ પદ્ધતિની નવી શિક્ષણવ્યવસ્થામાં, અધ્યેયકાલ દરમ્યાન શિક્ષણના વિવિધ સ્તરે પ્રવર્તમાન પાઠ્યક્રમો, શિક્ષણપદ્ધતિઓ-વ્યવહારો અને પરીક્ષણવ્યવસ્થાનું વિશદ ચિત્ર ઉપસાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં, આ નવી સામાન્ય શિક્ષણવ્યવસ્થાની લોકપ્રિયતા અને વ્યાપ ઝડપથી વધતાં ગયાં હતાં. એની એ લોકપ્રિયતા અને તદ્જનિત વ્યાપકતા માટે અનેક રાજકીય, આર્થિક અને સામાજિક પ્રેરકો નિમિત્તભૂત બન્યા હતા, જેનો નિર્દેશ યથાસ્થાને કરવામાં આવ્યો છે. આમ છતાં નવી પદ્ધતિનું સામાન્ય સાક્ષરી શિક્ષણ આપતી સંસ્થાઓ પ્રજાના બધા જ વર્ગોને સમાનપણે આકૃષ્ટ કરી શકી નહોતી. પ્રજાના કેટલાક વિશિષ્ટ વર્ગોની જરૂરિયાત પણ એનાથી સંતોષાતી નહોતી અને પૂર્વશાળાશિક્ષણવય ધરાવતાં બાળકોને સંગીન કેળવણી આપવાનો પ્રબંધ પણ તેમાં થયો નહોતો. વળી, એનો ઉદ્દેશ પણ બહુધા રાજકીય અને એકાંગી રહ્યો હતો.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

જેમાં વિદ્યાર્થીના સર્વાંગીણ ઘડતરની ઘણી ઓછી શકયતા રહેતી.

નવી પદ્ધતિના સામાન્ય સાક્ષરી શિક્ષણની ઉપર્યુકત મર્યાદાઓને લીધે, અધ્યેયકાલ દરમ્યાન કેટલીક પરંપરાપ્રાપ્ત શિક્ષણવ્યવસ્થા ચાલુ રહેવા પામી હતી, તો કેટલીક નવેસરથી ઊભી કરવામાં આવી હતી. પ્રસ્તુત પ્રકરણમાં, ગુજરાતમાં અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન, આવી પરંપરાપ્રાપ્ત અને નવેસરથી વિકસેલી કેટલીક નવી શિક્ષણવ્યવસ્થાનું ચિત્ર ઉપસાવવાની અને એની સમીક્ષા કરવાની યોજના છે. એમાં નીચેની શિક્ષણવ્યવસ્થાઓનો સમાવેશ થાય છે :

(૧) પૂર્વપ્રાથમિક શિક્ષણવ્યવસ્થા
(૨) ઔદ્યોગિક અને વ્યાવસાયિક શિક્ષણવ્યવસ્થા
(૩) વ્યાયામ શિક્ષણવ્યવસ્થા
(૪) બ્રાહ્મણ વિદ્યાર્થીઓ માટેની શિક્ષણવ્યવસ્થા અને
(૫) રાજકુમારો માટેની શિક્ષણવ્યવસ્થા

આ દરેકની ચર્ચા, ચરિતસાહિત્યમાંથી પ્રાપ્ત થતી સંદર્ભસામગ્રીને અવલંબીને હવે પછી, હાથ ધરવામાં આવી છે.

## ૬.૨ પૂર્વપ્રાથમિક શિક્ષણવ્યવસ્થા

બાળકના જન્મથી શરૂ થતો પાંચ વર્ષ સુધીનો ગાળો એની કેળવણીની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો સમય ગણાય. પરંતુ અધ્યેયકાલના પ્રથમ દાયકા સુધી આ ઉંમરનાં બાળકોની કેળવણી માટે કોઇ વિશિષ્ટ પ્રબંધ થયો ન હતો. બાળકોનું શિક્ષણ નાની ઉંમરે શરૂ થઇ શકે એ માટે નવી પદ્ધતિની પ્રાથમિક નિશાળોમાં, ઇ.સ. ૧૮૮૭-૮૮ના વર્ષથી નિમ્ન સ્તરે 'બાલવર્ગ'નો ઉમેરો કરવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો, જેની નોંધ આ અગાઉ લેવાઈ ગઇ છે. આ ઉપરાંત બાળકોનું શિક્ષણ વહેલું શરૂ થાય, એમ ઇચ્છતા વાલીઓ એમનાં પાલ્યોને પાંચ વર્ષ પહેલાં ગામઠી શાળાઓમાં પણ મોકલતા. પરંતુ આ બન્ને પ્રકારની શાળાઓમાં ઔપચારિક શિક્ષણ પર જ ભાર મૂકાતો અને એની શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો નાનાં બાળકો માટે તો સર્વથા પ્રતિકૂળ જ હતાં. એ શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોની વિસ્તૃત સમીક્ષા આ પહેલાં કરવામાં આવી છે. બહુધા 'સોટી વાગે ચમચમ અને

વિદ્યા આવે ધમધમ'ની ફિલસૂફીમાં રાચતી આ ઉભય પ્રકારની શાળાઓમાં બાળકોની પ્રકૃતિની ઉપેક્ષા થતી એટલું જ નહિ, પરંતુ એમની સાથે અમાનવીય વ્યવહાર ઘણી વખત થતા. આ સંદર્ભમાં ચંદ્રવદન મહેતા (જ.વર્ષ:૧૯૦૧ )નું અવલોકન નોંધનીય ગણાય, જે નીચે પ્રમાણે છે :

> "ભણતર દરમ્યાન બાગ તો જોયો જ નહોતો ! પિકનિક, પર્યટન, ઝાડ નીચે વર્ગો, રમતગમત વગેરેની ઉપયોગિતા શિક્ષણમાં ત્યારે સમજાઇ નહોતી. ૧૯૦૫-૬ના એ જમાનામાં ગિજુભાઇ અને મોન્ટેસોરી જન્મ્યાં તો હશે, પણ કોઇને એવી વાતોની ખબર નહોતી." [1]

મહેતાનું ઉપર્યુક્ત અવલોકન ઘણું સૂચક છે. મહેતા, ચાલુ સદીના પ્રથમ દાયકામાં એમને વડોદરામાં મળેલી પ્રારંભિક કેળવણીના સંદર્ભમાં એની નોંધ લે છે. એમનું અવલોકન દર્શાવે છે, કે પ્રાથમિક શાળાઓના શિક્ષણક્રમમાં નાની ઉંમરના બાળકોની પ્રકૃતિને લક્ષમાં લેવાતી જ નહોતી. વળી, ગામઠી શાળાઓમાં તેમજ નવી પદ્ધતિની પ્રાથમિક શાળાઓમાં થતી શિક્ષાઓનો ઉલ્લેખ પહેલાં થઇ ગયો છે. એ જોતાં, ગામઠી શાળાઓ અને પ્રાથમિક શાળાઓનું શિક્ષણ નાની ઉંમરનાં બાળકો માટે કેટલું પ્રતિકૂળ હતું, એ સ્પષ્ટ થાય છે.

આમ, આધુનિક પદ્ધતિનાં બાલમંદિરોનો પ્રારંભ થયો, એ પહેલાં પૂર્વશાળાવય ધરાવતાં કેટલાંક બાળકોને શિક્ષણ મળે એવો પ્રબંધ એમના વાલીઓ ગામઠી નિશાળોમાં અને પ્રાથમિક શાળાઓમાં કરતા, પરંતુ શૈક્ષણિક મનોવિજ્ઞાનની દૃષ્ટિએ આ શાળાઓમાં બાળકોને આપવામાં આવતું શિક્ષણ અને એમને શિક્ષણ આપવાની પદ્ધતિઓ સર્વથા ત્યાજ્ય ગણાય એવાં હતાં. કર્મવીર ફૂલચંદભાઇ (૧૮૯૫-૧૯૪૬)ના જીવનચરિત્રમાં પણ આ હકીકતનું સમર્થન થયું છે.[2] વાસ્તવમાં પૂર્વશાળાવય ધરાવતાં બાળકોની કેળવણી અંગે જનસમાજમાં અધ્યેયકાલ દરમ્યાન ઘણી ઓછી જાગૃતિ જોવા મળતી હતી.[3] બ્રિટિશ સરકારને કે દેશી રાજ્યોને પણ પૂર્વશાળાવય ધરાવતાં બાળકો માટે વિશિષ્ટ શિક્ષણસંસ્થાઓ ઊભી કરવાની આવશ્યકતા જણાઇ નહોતી.

ઉપર્યુક્ત પશ્ચાદભૂમાં, ગુજરાતમાં આધુનિક પદ્ધતિનાં બાલમંદિરોનો પ્રારંભ શી રીતે થયો, એ જાણવું રસપ્રદ થઇ પડશે. ચરિત્રસાહિત્યમાંથી એને લગતી કેટલીક રસપ્રદ વિગતો ઉપલબ્ધ થાય છે.

ગુજરાતમાં 'બાલોદ્યાન' (કિંડરગાર્ટન) પ્રકારની સૌ પ્રથમ શાળા ઇ.સ. ૧૮૫૪-૫૫ના અરસામાં સુરત ખાતે સ્થપાઇ હતી, એવો નિર્દેશ રાવબહાદુર મોહનલાલ રણછોડભાઇ ઝવેરી (જ. ૧૮૨૮)ના 'આત્મકથન'માંથી પ્રાપ્ત થાય છે, જે નીચે પ્રમાણે છે :

"મી. કાળાભાઇ જ્યારે પાંચ વર્ષના હતા ત્યારે એમના પિતા લલ્લુભાઇ મુનસફે રા. બા. મોહનલાલને એક મ્હોટી ટી-પાર્ટી આપેલી....... .......એ મેળાવડાના મહત્ત્વનું એક બીજું પણ કારણ એ હતું તેમાં નહાનાં છોકરાંને શિખવવા માટે એક નિશાળ (ઇન્ફન્ટ સ્કૂલ) કાઢવાનો વિચાર થયેલો ને ત્યાંને ત્યાંજ એ બાબતની એક કમીટી નક્કી થઇ, જેના સરનસીન રા. બા. મોહનલાલ હતા અને મી. મોતીરામ ભગુભાઇ, તથા રા. લલ્લુભાઇ મુનસફ સેક્રેટરી હતા.........દર મહીને નીચલા સદ્‌ગૃહસ્થો તરફથી નાણાંની મદદ મળતી જેથી એ સ્કુલ ચાલતી............ગોપીપરામાં અસલ જે જગાએ થીઓસોફીકલ સોસાઇટીનું મકાન હતું ત્યાં એ સ્કુલ બેસતી, અને મી. જટાશંકર નામના એક સ્કોલરને રા. બા. મોહનલાલની ભલામણથી માસ્તર નીમવામાં આવ્યો હતો. મી. કાળાભાઇ, એમનાં બ્હેન તથા ઠાકોરદાસ ચુનીલાઇ ચકા એ સ્કૂલના પહેલા બાળ નિશાળીઆ હતા. કીંડરગાર્ટનની રૂઢી મુજબનાં મોડલ તથા મણકાનાં ફ્રેમ, પીકચરો વગેરેની મદદથી ત્યાં મગજની કેળવણી શરૂ કરવામાં આવતી. કીંડરગાર્ટન પદ્ધતિનું મૂળ તે વખતથી જ રા. બા. મોહનલાલના પ્રયાસથી રોપાયેલું એમ આ ઉપરથી જણાય છે."[૪]

રાવ બહાદુર મોહનલાલ રણછોડભાઇ ઝવેરી, ઉપર્યુક્ત 'બાલોદ્યાન' પ્રકારની શાળાની સ્થાપના થઇ, ત્યારે કેળવણી-ખાતામાં 'વીઝીટર ઑફ સ્કૂલ' (શાળા-નિરીક્ષક) ના હોદ્દા પર હતા, એ હકીકત અત્રે નોંધવી યોગ્ય ગણાય. એ હોદ્દા પર રહીને બાલકેળવણી અંગે એમના વિચારો યોગ્ય દિશામાં ઘડાયા હોય એ પણ સ્વાભાવિક છે. પરંતુ આ શાળાનું જે રીતે વર્ણન થયું છે, તે જોતાં એ વર્તમાન સ્વરૂપની બાલોદ્યાન શાળા હોય એમ જણાતું નથી. લેખક જણાવે છે કે તે પ્રમાણે

એમાં 'મગજની કેળવણી' શરૂઆતથી જ આપવામાં આવતી. વળી, અન્ય શાળાઓ અને આ શાળા વચ્ચે વિશિષ્ટ સાધનોના ઉપયોગ સિવાય બીજો કોઇ તફાવત સૂચિત થતો નથી. એને શ્રીમંતોનાં કેટલાંક પૂર્વશાળાવયનાં બાળકોને થોડાં વિશેષ સાધનોના ઉપયોગથી કેળવણી આપવાના એક પ્રયત્ન તરીકે જ ઘટાવી શકાય 'વર્તમાન કીંડરગાર્ટન પદ્ધતિનું મૂળ' એમાં રહેલું છે, એમ કહેવું વધુ પડતું જણાય છે. એમ કહેવામાં રાવ બહાદુર પ્રત્યેનો એમના ચાહકોનો અહોભાવ પ્રગટ થાય છે. આ શાળા ઇ.સ. ૧૮૫૭માં બંધ થયેલી.[૫] ફલતઃ એની કોઇ પરંપરા ગુજરાતમાં ઊભી થઇ નથી.

ગુજરાતમાં વર્તમાન પદ્ધતિના સર્વપ્રથમ બાલમંદિરની સ્થાપના ઇ.સ. ૧૯૧૫માં વસો (જિ. ખેડા) મુકામે થઇ. એની સ્થાપના કરવાનો યશ દરબાર ગોપાળદાસ (૧૮૮૭-૧૯૫૧)ને ફાળે જાય છે. એમનાં પ્રથમ પત્નીનું નિધન થતાં પુત્રની કેળવણી માટેની એમની ચિંતા વધવા લાગી. એમના ગુરુ મોતીભાઇ અમીન (૧૮૭૩-૧૯૩૯)એ અરસામાં વડોદરા રાજ્યના મદદનીશ પુસ્તકાલય અધિકારી તરીકે કામ કરતા હતા. ત્યાં એમને બાળશિક્ષણનાં સાધનો સહુ પ્રથમ વાર જોવા મળ્યાં હતાં. વળી, 'મોન્ટેસોરી હેન્ડબુક' નામનું પુસ્તક પણ એ જ અરસામાં એમના મિત્ર ભલાભાઇ[X] પાસેથી એમને મળી આવ્યું. પરિણામે, પૂર્વશાળાવયનાં બાળકોની કેળવણીમાં એમનો રસ વધવા લાગ્યો. એટલામાં દરબાર ગોપાળદાસના પુત્રની કેળવણી માટેનો પ્રબંધ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. પરિણામે, આ વિશાળહૃદયી ગુરુશિષ્યે વસો ગામના બધાં જ બાળકો માટે તા. ૧, જાન્યુઆરી ૧૯૧૫ના રોજ નવી પદ્ધતિએ કેળવણી આપતા બાલમંદિરનો શિલાન્યાસ કર્યો.[૬]

વસોના આ બાલમંદિર પાસેથી પ્રેરણા મેળવીને મોતીભાઇ અમીનના એક શિષ્ય અંબાલાલ મોતીભાઇ પટેલે (૧૮૯૦-૧૯૫૮) પણ બોરસદમાં એક બાલમંદિરની સ્થાપના એ જ અરસામાં કરી હતી.[૭] ઇન્દુલાલ યાજ્ઞિક (જ. ૧૮૯૨) પણ મોતીભાઇ અમીન-પ્રેરિત અને દરબાર ગોપાળદાસસંસ્થાપિત ઉપર્યુક્ત બાલમંદિરથી પ્રભાવિત થયેલા અને એમણે પણ 'ગુજરાત કેળવણી મંડળ'ના ઉપક્રમે ઇ.સ. ૧૯૨૦માં આવું

------------

X એ સમયની પેટલાદની પ્રાથમિક શાળાના આચાર્ય

એક બાલમંદિર અમદાવાદમાં સ્થાપ્યું હતું. આ હકીકતની નોંધ યાજ્ઞિકે તેમની આત્મકથાના બીજા ભાગમાં આ પ્રમાણે લીધી છે :

> "ચોમાસા દરમ્યાન વસોમાં મોતીભાઇ અમીનની નવી ગુજરાતી શાળા (બાલમંદિર) મેં જોઇ ત્યારથી તેવી જ આદર્શ પ્રાથમિક શાળા અમદાવાદમાં સ્થાપવા હું આતુર થયો. તે વિશે મેં મંડળની કમિટી આગળ દરખાસ્ત રજૂ કરી. તે ઉપરથી એવો ગોળગોળ ઠરાવ કરવામાં આવ્યો કે આવી શાળા સ્થાપવાનું ઇષ્ટ હોવાથી તેને માટે નાણાંની પૂરતી વ્યવસ્થા કરી તે ઉઘાડવાની સત્તા મંત્રીને આપવી. તરત જ મેં રોજ મસ્કતી માર્કેટમાં જઇને ઝોળી ફેરવવા માંડી.......... તેના જોર પર બીજા એક મિત્ર પરસોત્તમદાસ ગજ્જરની મદદથી દોલતખાનામાં સુતારની વાડી મેં આ શાળા માટે ભાડે રાખી. બાળશિક્ષણ માટે જરૂરી સાધનો પણ મેં તરત ખરીદી લીધાં. તાલીમ પામેલા ઉત્તમ શિક્ષકો મને વિશેષ કરીને સૌરાષ્ટ્રમાથી મળી ગયા. તરત પાનાચંદ સંઘાણીને મુખ્ય શિક્ષક તરીકે ને રેવાશંકર વગેરે બીજા શિક્ષકોને તેમના મોં માગ્યા પગારે મેં રોકી લીધા. સન ૧૯૨૦ના પહેલે દિવસે ઉઘાડવા ધારેલી નવી ગુજરાતી શાળા છેવટે માર્ચની પહેલીથી શરૂ થઇ અને એ જૂની સુતારની વાડી બાળકોની ક્રીડાને કિલકિલાટથી ગાજી રહી."[૮]

ઈન્દુલાલ યાજ્ઞિકનો ઉપર્યુક્ત અનુભવ ઘણો સૂચક છે. 'ગુજરાત કેળવણી મંડળ'ની કારોબારીએ 'ગોળ ગોળ ઠરાવ' કર્યો એ દર્શાવે છે કે પૂર્વશાળાવયજૂથનાં બાળકો માટેની કેળવણીની જવાબદારી લેતાં મંડળ ખચકાટ અનુભવતું હતું. વાસ્તવમાં, આવી કેળવણીનું મહત્ત્વ હજુ સમાજે સ્વીકાર્યું નહોતું એની અસર કારોબારીના વલણમાં પણ જોવા મળે છે. એટલે જાહેર કાર્યકરોને આવી સંસ્થાઓ માટે ફંડફાળો મેળવવો ઘણો મુશ્કેલ પડતો. બોરસદમાં પણ અંબાલાલ મોતીભાઇ પટેલને થોડા સમય સુધી 'પદરના ખર્ચે' શાળા નિભાવવી પડેલી.[૯] અલબત્ત, એનાં બાળકો મોકલવા અંગે સમાજનો વિરોધ નહોતો, પરંતુ નાનાં બાળકોની કેળવણી પાછળ ખર્ચ કરવાની જરૂર જ નથી, એવી કંઇક સમાજની માન્યતા હતી. ગુજરાત માટે આવી સંસ્થાઓ હજુ

નવી હતી. બીજી મુશ્કેલી આવી શાળાઓ માટેના શિક્ષકોની પ્રાપ્તિને લાગતી હતી એમ યાજ્ઞિકના અનુભવ પરથી જણાય છે. સૌરાષ્ટ્રમાંથી યાજ્ઞિકને આ શાળાઓમાં કામ કરી શકે એવા શિક્ષકો મળ્યા, એનું મૂળ કારણ ગિજુભાઈ બધેકાએ ભાવનગરના 'દક્ષિણામૂર્તિ વિદ્યાભવન-'માં પ્રવેશ (ઈ.સ. ૧૯૧૪) કર્યા પછી આ દિશામાં હાથ ધરેલા કેટલાક પ્રયત્નોમાં હશે, એમ જણાય છે.

ગુજરાતમાં, પૂર્વશાળાવય ધરાવતાં બાળકોને કેળવણી આપવાના આવા છૂટાછવાયા પ્રયત્નો અર્વાચીનકાલના અંતિમ દાયકામાં થતા હતા. એને સંગીન ભૂમિકા પર મૂકવાનું કામ ગિજુભાઈ બધેકાએ કર્યું, એ હકીકતની નોંધ પણ અત્રે લેવી ઘટે. ગિજુભાઈ પૂર્વાવસ્થામાં વઢવાણના એક પ્રતિષ્ઠિત વકીલ હતા. એમણે ઈ.સ. ૧૯૧૪માં વકીલાતનો વ્યવસાય છોડી ભાવનગરના 'દક્ષિણામૂર્તિ વિદ્યાભવન'માં પ્રવેશ કર્યો. 'દક્ષિણામૂર્તિ વિદ્યાભવન'ના 'વિનયમંદિર'ના આચાર્ય તરીકે એમણે ચારેક વર્ષ લગી કામ કર્યું. એ દરમ્યાન બાલકેળવણી અંગેના એમના વિચારો ઘડાતા જતા હતા. 'દક્ષિણામૂર્તિ'ના આદ્યસ્થાપક નાનાભાઈ ભટ્ટ (જ. ૧૮૮૨) એ હકીકતનો ઉલ્લેખ એમની આત્મકથામાં નીચે પ્રમાણે કરે છે :

> "ગિજુભાઈ વિનયમંદિરના આચાર્યસ્થાને હતા અને હું સંસ્થાના નિયામક તરીકે તેમજ છાત્રાલયના ગૃહપતિ તરીકે કામ કરતો હતો, ત્યારે અમને બંનેને તેમજ બીજા મિત્રોને લાગતું હતું કે દક્ષિણામૂર્તિએ છેક પાયાથી શિક્ષણનું કામ હાથ ધરવું જોઈએ. આ વિચારસરણીમાં ગિજુભાઈનો ફાળો મોટો હતો. એમનો પુત્ર બચુ (નરેન્દ્ર) જન્મ્યો ત્યારથી એની કેળવણીના વિચારો ગિજુભાઈ કર્યા જ કરતા અને એને અંગે તેઓએ મેડમ મોન્ટેસોરીનાં પુસ્તકોનો અભ્યાસ પણ શરૂ કરેલો. હવે બચુની ઉંમર મોટી થતી હતી અને બાલશિક્ષણ તરફનો ગિજુભાઈનો વેગ પણ વધતો જતો હતો. એક વહેલી સવારે અમે એકઠા થયા, મુ. મોટાભાઈ પાસે ગયા ને દક્ષિણામૂર્તિ એક બાલમંદિર શરૂ કરે એવો પવિત્ર સંકલ્પ કર્યો." [૫૦]

શૈક્ષણિક ઈતિહાસની દૃષ્ટિએ આ આખી ઘટના નોંધપાત્ર ગણાય. ગિજુભાઈનો વકીલાતના વ્યવસાયનો ત્યાગ, એમના પુત્ર નરેન્દ્રની કેળવણી માટેની ચિંતા,

દક્ષિણામૂર્તિમાં બાલમંદિરની સ્થાપના એ પ્રથમ નજરે તો સાવ સામાન્ય લાગતી બાબતો જણાય છે, પરંતુ વાદીપ્રતિવાદીના વકીલ બનવાનું પડતું મૂકી બાળકોની વકીલાત કરવાનું સ્વેચ્છાએ સ્વીકારનાર ગુજરાતના બાલકેળવણીના જ્યોતિર્ધર ગિજુભાઇના વિચારો શી રીતે ઘડાઇ રહયા હતા, એનો નિર્દેશ એમાંથી મળે છે. ગિજુભાઇએ બાલમંદિરની સ્થાપના થતાં જ એનું આચાર્યપદ સ્વીકાર્યું અને ત્યાં રહીને એમણે પૂર્વશાળા શિક્ષણ અંગેનું જે કામ ઉપાડયું એનાથી ગુજરાત અજાણ નથી. આ પ્રકારની સંસ્થાઓનું 'બાલમંદિર' એવું નામાભિધાન કરનાર પણ ગિજુભાઇ જ હતા.[૫૦] એમણે બાલમંદિરો માટેના સાહિત્યના સર્જન દ્વારા, બાલમંદિરોના શિક્ષકો માટેની તાલીમી વ્યવસ્થા દ્વારા તથા સંમેલનો વગેરે દ્વારા ગુજરાતમાં બાલમંદિરોની સ્થાપનાને વેગ આપવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો છે એની ચર્ચામાં ઉતરવું અત્રે અસ્થાને છે. અહીં તો દક્ષિણામૂર્તિમાં રહીને ગિજુભાઇએ જે કંઇ કર્યું, એમાંથી ગુજરાતમાં ઉકત વયજૂથનાં બાળકોની કેળવણી માટેની જાગૃતિ વધી અને એને વેગ મળ્યો એટલું નોંધવું જ પૂરતું ગણાશે. ગિજુભાઇને મળેલો 'મૂછાળીમા'નો ઇલ્કાબ એમના બાલપ્રેમનો અને બાળકો માટે એમણે કરેલા કાર્યના ગૌરવનો સૂચક ગણાય.

ગિજુભાઇ બધેકાને બાલકેળવણી અંગેની પ્રેરણા અને માર્ગદર્શન આપનાર પણ વસો (જિ. ખેડા)નું પૂર્વોકત બાલમંદિર જ હતું. મોતીભાઇ અમીનના જીવનચરિત્રમાં એનો ઉલ્લેખ આ પ્રમાણે થયો છે :

> "આજ અરસામાં (ઇ.સ. ૧૯૧૫) બાલપુસ્તકાલયનું મકાન પૂરું થતાં એનો ઉદ્‌ઘાટનવિધિ યોજાયો. તે પ્રસંગે દરબાર સાહેબ, વઢવાણના વકીલ ગિરજાશંકર બધેકાને પોતાની સાથે લઇ આવ્યા, એવું કહીને કે વસોમાં મોન્ટેસોરી પધ્ધતિ અનુસાર બાલમંદિર ચાલે છે અને પોતાના બાળક માટે એમાંથી ઘણું જાણવાનું મળશે. વસોની કિંડરગાર્ટન શાળા અને એનાં સાધનોથી બધેકા પ્રભાવિત થયા અને બાળકેળવણીના વિષયમાં એમનો ઉપનયનસંસ્કાર થયો. વસોની પ્રેરણા અને (મોતીભાઇ) સાહેબે આપેલાં મોન્ટેસોરી અંગેનાં બે પુસ્તકોનાં વાચનથી ગિરજાશંકરના અંતરમાં બાલમંદિરની જયોત પ્રગટી."[૫૨]

વસોના ઉકત બાલમંદિરના સ્થાપક ગોપાળદાસને કોર્ટના કામો અંગે ગિજુભાઇ

સાથે સંબંધ બંધાયેલો. એ જો ન બંધાયો હોત અને ગિજુભાઇ ને ગોપાળદાસ ન મળ્યા હોત, તો ગુજરાતને એક સંનિષ્ઠ બાલકેળવણીકાર પ્રાપ્ત થયો ન હોત અને ગુજરાતના ગામડે ગામડે પ્રગટેલી બાલકેળવણીની જ્યોત પણ અણપ્રગટી જ રહી હોત એવો ઉલ્લેખ 'દરબાર ગોપાળદાસ સન્માનગ્રંથ'માંથી પ્રાપ્ત થાય છે.[13] ગિજુભાઇએ સ્વયં વસોના બાલમંદિરે એમને આપેલી પ્રેરણાનો ઉલ્લેખ નીચે પ્રમાણે કર્યો છે :

> "વસોએ જે ચિનગારી આપી તેમાંથી બાલમંદિરની જ્યોત પ્રગટી છે. એ જ્યોત જગતમાં પ્રગટશે એવી આશા હું સેવી રહ્યો છું. ક્યાંના ગોપાળદાસ, ક્યાંના મોતીભાઇ ને ક્યાંનો હું ? એ ત્રણના મેળાપમાં પ્રભુનો હાથ છે એમ હું માનું છું. મોતીભાઇએ કહ્યું તેમ હું બાળકોની વકીલાત કરી રહ્યો છું. સાચી વાત એ છે કે મોતીભાઇ સરસ્વતીનું તોરણ બાંધી રહ્યા છે અને બાલમંદિરની ધજા રોપવાનું કાર્ય હું કરી રહ્યો છું."[14]

દરબાર ગોપાળદાસની એમના પુત્રને સુયોગ્ય કેળવણી આપવાની ખેવના, એમના ગુરુ અને વડોદરા રાજ્યના પુસ્તકાલય અધિકારી મોતીભાઇ અમીનને બાળશિક્ષણનાં સાધનો અને સાહિત્યનો એ અરસામાં થયેલો પરિચય અને એમાંથી આકાર લેતું વસોનું બાલમંદિર એ વિરલ સંયોગો છે. એમાંથી પ્રેરણા મેળવીને કેટલાક સંનિષ્ઠ કાર્યકરોએ ગુજરાતમાં ક્યાંક ક્યાંક બાલમંદિરો સ્થાપવાના પ્રયત્નો કર્યા. ગિજુભાઇની એમના પુત્રને સુશિક્ષણ આપવા માટેની લગની, દરબાર ગોપાળદાસનો કોર્ટના કામ અંગે એમની સાથેનો મેળાપ અને તદ્જનિત વસોના બાલમંદિરની ગિજુભાઇની મુલાકાત એ એથીય વધુ વિરલ સંયોગો છે. એ મુલાકાતમાંથી ગિજુભાઇને પોતાનું જીવનકાર્ય લાધ્યું, એ ગુજરાતનાં બાળકોની 'મૂછાળી મા' બની ગયા અને એમણે બાલકેળવણીનો ઝંડો ગુજરાત ભરમાં ફરકતો કર્યો ! કેળવણીનો ઇતિહાસ ઘડવામાં આવી આકસ્મિક ઘટનાઓ પણ ક્યારેક કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. ત્યાર પછી ગુજરાતમાં પૂર્વપ્રાથમિક શિક્ષણસંસ્થાઓનો સારો એવો વિકાસ સધાયો છે પરંતુ એની વિગતોમાં ઉતરવું અધ્યેયકાલની મર્યાદા બહારનું ગણાય. અહીં તો એટલી જ નોંધ લઇશું કે, સંનિષ્ઠ કાર્યકરોના સ્વૈચ્છિક પ્રયત્નોને પરિણામે કેળવણીના આ અતિઉપેક્ષિત ક્ષેત્ર તરફ અધ્યેયકાલના અંતિમ દાયકામાં ગુજરાતનું ધ્યાન દોરાવા લાગ્યું હતું

અને આવી સંસ્થાઓ સ્થપાવાની શરૂઆત થઇ ચૂકી હતી.

૬.૩ ઔદ્યોગિક અને વ્યાવસાયિક શિક્ષણવ્યવસ્થા

અધ્યેયકાલના અંત સુધી ગુજરાતના યુવકોનું વલણ મુખ્યત્વે સામાન્ય શિક્ષણ ( General Education) પ્રાપ્ત કરી, બ્રિટિશ સરકારની અને દેશી રાજ્યોની વિવિધ કક્ષાની નોકરીઓ પ્રાપ્ત કરવા તરફ ઢળેલું હતું. આ હકીકતનો નિર્દેશ આ પહેલાં થઇ ગયો છે. મોતીભાઇ અમીન ઇ.સ. ૧૯૦૦માં બી.એ. થયા. એ સમયના શિક્ષિતોના આવા માનસનો નિર્દેશ ઇશ્વરભાઇ પટેલ આ પ્રમાણે કરે છે :

"અભ્યાસમાં ઓછી પ્રગતિવાળા મોતીભાઇ ૭ વરસે સને ૧૯૦૦ના નવેમ્બરમાં બી.એ. પાસ થયા અને જીવનપ્રવેશનો સવાલ એમની સન્મુખ ખડો થયો. એ જમાનો ભણેલાગણેલા સૌને માટે નોકરીનો યુગ હતો. નોકરીમાં નગદ નાણાં મળે, ઊજળે કપડે જીવાય. સરકારી નોકરી હોય તો મોભો પ્રાપ્ત થાય, પેન્શન પણ મળે. તેમાંયે મહેસુલી કે એવા ખાતાની નોકરી હોય તો અમલદાર થવાય ને સાહેબ બની સૌની સલામ ઝીલવાને મળે."[૫૫]

રવિશંકર રાવળ[૧૬] (જ. ૧૮૯૨)ની આત્મકથા અને ભોગીન્દ્રરાવ દીવેટીઆ[૫૭] (૧૮૭૫-૧૯૫૭)ના જીવનચરિત્રમાં પણ શિક્ષિત ગુજરાતી યુવકોના આવા નોકરીલક્ષી માનસનો ઉલ્લેખ થયો છે. ગાંધીજીના નેતૃત્વ હેઠળ 'પંચવિધ બહિષ્કાર'ના એક ભાગરૂપે સરકારી નોકરીઓનો ત્યાગ કરવાની પ્રક્રિયા શરૂ થઇ, ત્યાં સુધી ઉપર્યુક્ત માનસમાં કોઇ નોંધનીય પરિવર્તન આવવા પામ્યું નહોતું.

બી.એ., એમ.એ.ની બિનવ્યવસાયી પદવી પ્રાપ્ત કરનારાઓને સરળતાથી નોકરીઓ પણ મળી રહેતી, એટલે અધ્યેયકાલના અંત સુધી મોટાભાગના યુવકો સામાન્ય શિક્ષણ પ્રાપ્ત કરવાનું વધુ પસંદ કરતા. આમ છતાં, અધ્યિયત ચરિતસાહિત્યના ચરિતનાયકોના વિદ્યાભ્યાસની વિગતો જોતાં જણાય છે કે, વીસમી સદીના પ્રારંભથી કેટલાક ગુજરાતી યુવકો તબીબી કેળવણી પ્રાપ્ત કરવા મુંબઇની તેમજ કૃષિવિદ્યા અને ઇજનેરીની તાલીમ પ્રાપ્ત કરવા પૂનાની કોલેજો તરફ વળ્યા હતા. અલબત્ત મહદ્અંશે સાધનસંપન્ન વિદ્યાર્થીઓ જ એમાં જોડાઇ શકતા. તબીબી, ઇજનેરી અને કૃષિ

વિદ્યાશાખાઓ ઉપરાંત કાનૂની વિદ્યાશાખાએ પણ કેટલાક ગુજરાતી યુવકોને આકર્ષ્યા હતા. ગુજરાતી યુવકોની વિકસતી વ્યાવસાયિક અભિરુચિઓની ઝાંખી આના પરથી થાય છે.

દાક્તરીવિદ્યા, ઇજનેરીવિદ્યા, કૃષિવિદ્યા અને કાનૂનના ઉચ્ચ વ્યાવસાયિક શિક્ષણનો પ્રબંધ ઉપર જોયું તેમ, તળ ગુજરાત બહારના કેન્દ્રોમાં થયો હતો, ને એવું શિક્ષણ પ્રાપ્ત કરનારાઓનું પ્રમાણ એકંદરે ઘણું મર્યાદિત રહયું હતું. હવે, પ્રસ્તુત વિભાગમાં તળ ગુજરાતમાં ઔદ્યોગિક શિક્ષણ માટે કેવો પ્રબંધ થયો હતો તે જોઇશું.

મહારાજા સયાજીરાવ એમના યુગના એક દૃષ્ટિસંપન્ન રાજવી હતા. એમના રાજ્યઅમલ (૧૮૭૫-૧૯૩૯) દરમ્યાન વડોદરા રાજ્યે સર્વતોમુખી વિકાસ સાધ્યો હતો. શૈક્ષણિક દૃષ્ટિએ પણ એ સમય દરમ્યાન વડોદરા રાજ્યે ઘણી પ્રગતિ કરી હતી. ઔદ્યોગિક શિક્ષણ આપતા કલાભવન (પૉલિટેક્નિક)ની સ્થાપના કરવામાં પણ વડોદરા રાજ્ય ભારતભરમાં મોખરે રહયું હતું.

ભારતમાં કૃષિ ઉપરાંત દેશી ધંધાકારીગરી ઉપર નભનારા લોકોનો પણ એક મોટો વર્ગ હતો, પરંતુ અંગ્રેજી રાજ્યઅમલે દેશી ધંધાકારીગરીનો વિનાશ નોતર્યો હતો. ફલત: આ વર્ગ કારીગર મટીને મજૂર બની બેઠો હતો. હવે, બદલાયેલા સંજોગો અનુસાર, આ વર્ગની ઉન્નતિ માટે નવેસરથી ધંધાકીય શિક્ષણનો પ્રબંધ કરવાની તીવ્ર જરૂરિયાત ઊભી થઇ હતી. મહારાજા આવી જરૂરિયાત સમજવામાં અને એ દિશામાં કાર્યાન્વિત થવામાં મોખરે હતા. આ હકીકતની રજૂઆત એમના જીવનચરિત્રમાં આ પ્રમાણે કરવામાં આવી છે :

> "માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનો લાભ ફક્ત ઉજળીયાત વર્ગ લે, અને બીજા વર્ગો એક યા બીજા કારણથી તેનાથી વંચિત રહે, અને કદાચ તેઓ પ્રાથમિક શિક્ષણ લે તો પણ તેમની સ્થિતિ સુધરે તો નહીં જ. કૃષિ એ ઇશ્વરાધીન વસ્તુ હોવાથી તેના ઉપર જ અવલંબન કરનારાઓને બીજાં દ્રવ્યોપાર્જનનાં, અથવા કૃષિ વધારે લાભકારક બનાવવાનાં સાધનો ન હોય તો તેઓ નિરાધાર થાય, તેમજ કારીગરી, હુન્નર, ઉદ્યોગ વગેરે કરનારા લોકોને જો તેમની સ્થિતિનું ભાન ન થાય તો

તેઓ પણ કારીગર મટી મજૂર બને તે પરિસ્થિતિ ટાળવા સારૂ તેમને માટે નવીન શિક્ષણ આપવાની યોજના કરવાની આવશ્યકતા શ્રીમંત મહારાજા સાહેબને લાંબા વખત પહેલાં જણાઇ હતી." [૫૮]

નવી કેળવણીનો મહદ્ લાભ મુખ્યત્વે ઉજળિયાત વર્ગને જ મળતો હતો. આ વર્ગ આગળ જોયું તેમ, બિનધંધાકીય શિક્ષણ અને ઉચ્ચ વ્યાવસાયિક કેળવણી મેળવી સારી નોકરીઓ પ્રાપ્ત કરી આગળ વધી રહયો હતો, ત્યારે નવા ધંધાકીય જ્ઞાનના અભાવે કારીકર અને કૃષકસમાજની સ્થિતિ દિનપ્રતિદિન બદતર થતી જતી હતી. નવી કેળવણીએ આવુ અંતર પેદા કર્યું હતું. એવા સંજોગોમાં સામાજિક ન્યાયની ભાવનાથી પ્રેરાઇને, સર્વજનહિતૈષી દૃષ્ટિ ધરાવતા આ રાજવીએ વિવિધ પ્રકારનુ ધંધાકીય શિક્ષણ આપતી સંસ્થા સ્થાપી, કારીગર અને કૃષકવર્ગની ઉન્નતિનુ મંગલાચરણ કર્યું. કલાભવનને નામે જાણીતી બનેલી આ સંસ્થાએ ગુજરાત જ નહીં, પરંતુ ભારત વ્યાપી કીર્તિ સંપાદન કરી હોવાથી એની કેટલીક અર્થસૂચક વિગતોની સમીક્ષા કરવી ઉપયુકત થઇ પડશે.

ભારત વર્ષમાં કલાભવનની સ્થાપના એ એક નવો પ્રયોગ હતો. એ સફળ થશે, તો ધીમે ધીમે એનો વિસ્તાર ભારતવર્ષમાં વધશે એવા ધિંગા આશાવાદ સાથે મહારાજાએ આ પ્રયોગ હાથ ધર્યો હતો. લોકો વૈજ્ઞાનિક પદ્ધતિએ ધંધા ઉદ્યોગોનુ જ્ઞાન મેળવી ધંધા ઉદ્યોગોમાં સુધારા કરી શકે અને નવા ઉદ્યોગો સ્થાપી શકે એવી ભાવનાથી પ્રેરાઇને ૨૫ માર્ચ, ૧૮૮૯ના રોજ વડોદરા ખાતે કલાભવનની સ્થાપના કરવામાં આવી." [૫૯]

પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ (૧૮૬૩-૧૯૨૦) ગજ્જરના ઔદ્યોગિક શિક્ષણ સંબંધી વિચારો ઘણી બાબતોમાં મહારાજાનાં વિચારો સાથે મળતા આવતા હતા. એમને ઔદ્યોગિક શિક્ષણના વિકાસમાં ઘણો રસ હતો. વિદ્યાભ્યાસ પૂરો કરી પ્રો. ગજ્જર, એમના વતન સુરતમાં શેઠ તાપીદાસ વ્રજદાસની મદદથી સ્વતંત્ર રીતે કલાભવનની સ્થાપના કરવા માગતા હતા, પરંતુ તાપીદાસનું, ગજ્જરના વિદ્યાભ્યાસ દરમ્યાન જ ~~નિશ્ચિન:~~ નિધન થતાં એ યોજના સાકાર બનેલી નહિ, ગુજરાતમાં ઔદ્યોગિક શિક્ષણના વિકાસનાં સ્વપ્નો સેવતા ગજ્જરે, તત્પશ્ચાત્ વડોદરા કોલેજના પ્રાધ્યાપક તરીકેની

નોકરી સ્વીકારેલી. મહારાજાની માણસપારખુ દૃષ્ટિ ઉદ્યોગશિક્ષણના આ સ્વપ્નસેવી પર પડી અને કલાભવનના સંચાલનની સઘળી જવાબદારી એમણે પ્રો. ગજ્જરને સોંપી. કલાભવનનાં સૂત્રો સંભાળવા માટે મહારાજાએ કરેલી પ્રો. ગજ્જરની પસંદગી કેટલી યથોચિત હતી, તે પ્રો.ગજ્જરની અંગત નોંધપોથીમાંથી ઉદ્ધૃત કરેલા નીચેના શબ્દો પરથી સ્પષ્ટ થાય છે :

"હું વિજ્ઞાનશાસ્ત્રમાં ભણ્યો તો છું, પણ વ્યવહારમાં જો એ જ્ઞાન મને ઉપયોગી ન નીવડે તો શા કામનું ? વિજ્ઞાનને હું જાણું એટલું મારા માટે બસ નથી. એનો ઉપયોગ મારે માનવતાના હિત અર્થે કરવો જોઇએ. દેશમાં શાસ્ત્રીય પદ્ધતિથી ચાલતાં કારખાનાંની જરૂર છે. કાચા માલમાંથી મોટા પાયા ઉપર ચીજો આ કારખાનામાં તૈયાર કરવાની જરૂર છે. કોઇ પણ ભોગે દેશનું ધન દેશમાં જ રહે તેમ કરવાની જરૂર છે. દેશના હુન્નરો ખીલવવામાં મારા જ્ઞાનનો હું ઉપયોગ કરીશ. બસ એજ મારું ધ્યેય."[20]

ભારતમાં ઔદ્યોગિક શિક્ષણની નવી કેડીઓ કંડારવામાં પ્રો. ગજ્જરની આ ભાવનાએ મહત્ત્વનું કામ કર્યું છે, એ હકીકતની નોંધ અત્રે લેવી ઘટે.

કલાભવનનો પોતાની આગવી દૃષ્ટિએ વિકાસ સાધવા માટે પ્રો. ગજ્જરને ઘણી વિશાળ સત્તાઓ પણ આપવામાં આવેલી. એનો નિર્દેશ કલાભવનની સ્થાપના અંગે રાજ્ય તરફથી બહાર પાડવામાં આવેલા હુકમમાં આ પ્રમાણે થયો છે :

"(કલા ભવનની સ્થાપના) એ તદ્દન નવી જ જાતનો પ્રયોગ છે માટે આ સંસ્થાની જવાબદારીમાં ભાગલા પાડવા અનિચ્છનીય છે. ગુજરાતી (કેળવણી) ખાતાએ આ સંસ્થા માટે બજેટ તૈયાર કરવું અને આ બજેટ મંજૂર થઇ જાય પછી સંસ્થાની નિમણૂકો, જુદા જુદા વિષયોનો અભ્યાસક્રમ વગેરે બાબતમાં સંપૂર્ણ સ્વતંત્રતા અને બધો અધિકાર બજેટની મર્યાદામાં રહેવાની સૂચના સાથે ગજ્જરને સોંપવો. આ પ્રયોગો સફળ બનાવવાની જવાબદારી ગજ્જરની છે. માટે આ જવાબદારી ઉપાડી શકે તેટલી સત્તા તેમને આપવી જરૂરી છે."[21]

કેળવણીનો વિકાસ અને સંગીનતા એતદ્ વિષયક નિષ્ણાતોને મળેલા સ્વાતંત્ર્ય પર આધારિત છે, એ મહારાજા સારી રીતે સમજતા હતા. ફલતઃ ખાતાકીય હસ્તક્ષેપોને લીધે કલાભવનનો વિકાસ કુંઠિત ન થઇ જાય, એવી તકેદારી તેમણે પ્રથમથી જ રાખી હતી. ઉપર્યુક્ત હુકમ જોતાં એ સ્પષ્ટ થાય છે.

શરૂઆતનાં સાત વર્ષો દરમ્યાન કલાભવને પ્રો. ગજ્જરના સમર્થ નેતૃત્વ હેઠળ ખૂબ પ્રગતિ સાધી. એમના સમયમાં કલાભવનમાં (૧) ચિત્રશાળા (૨) શિલ્પ-શાળા, (૩) યંત્રશાળા અને (૪) રસાયણ તથા રંગ શાળાના ઉપવિભાગો વિકસ્યા પાછળથી વડોદરાની (૧) શિક્ષણ પધ્ધતિ પાઠશાળા અને (૨) કૃષિશાળાને પણ કલાભવન સાથે જોડી દેવામાં આવી. એ સિવાય ફરનિચર, ઘડિયાળો, સ્ટીલપેન, બટન, બ્રશ વગેરે બનાવવાના ટૂંકા ગાળાના તાલીમ વર્ગો પણ શરૂ કરવામાં આવેલા. આ ઉપરાંત ઔધોગિક શિક્ષણને વેગ આપવા રાજયમાં જુદે જુદે સ્થળે 'હુન્નરશાળાઓ' પણ શરૂ કરવામાં આવી હતી.[૨૨]

કલાભવનની સ્થાપનાની વાતો શરૂ થઇ, ત્યારથી જ એની સામે એક વિરોધનો સૂર પેદા થયો હતો. ઔધોગિક શિક્ષણ ખર્ચાળ બની જશે, એ લેનારા વિધાર્થીઓ પૂરતી સંખ્યામાં નહીં મળે, એવી દલીલો 'વિઘ્ન સંતોષીઓ' દ્વારા થતી હતી.[૨૩] પરંતુ આ બધી દલીલો પ્રો. ગજ્જરના અદમ્ય ઉત્સાહે ખોટી ઠેરવી હતી. એમનાં વહીવટનાં સાત વર્ષો દરમ્યાન કલાભવને સંગીન પ્રગતિ સાધી હતી. મુંબઇ રાજયના તે વખતના કેળવણીખાતાના વડા ચેટફિલ્ડે એના વિશે કહ્યું હતું કે "કલાભવન દેશની ઔધોગિક કેળવણી વિશેના પ્રશ્નનો નિવેડો લાવશે."[૨૪] દસમી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રમુખ વેબે પણ એના વિશે ખૂબ ઊંચો અભિપ્રાય આપતાં કહેલું કે "વડોદરાના કલાભવનની મુલાકાતે મને જેટલો આનંદ આપ્યો છે તેટલો આનંદ ભારતની બહુ ઓછી સંસ્થાઓની મુલાકાતે મને આપ્યો હશે. મારી માતૃભૂમિ આયર્લેંડમાં પણ આવી સંસ્થાની જરૂર છે."[૨૫]

કમનસીબે કલાભવનની આવી સિદ્ધિ મુત્સદ્દીઓની ઇર્ષ્યાનું નિમિત્ત બની. પ્રો. ગજ્જર નાણાંનો નિરંકુશ વ્યય કરે છે, એવા આક્ષેપો એમના પર મૂકાયા, ખટપટો વધી અને ગજ્જરવિરોધી વાતાવરણ ઊભું થવા લાગ્યું. કલાભવનના વાર્ષિક બજેટોમાં કાપકૂપ થવા લાગી. કેળવણીખાતાએ એના ખર્ચપર એક વર્ષ સુધી ચાંપતી

નજર રાખી અને એને લાગ્યુ કે સંસ્થા કરકસરથી જ ચાલતી હતી. મહારાજાએ પ્રો. ગજ્જરની કદર કરી એમનો પગાર પણ વધારી આપ્યો. પરંતુ ખટપટોની પરંપરાથી પ્રો. ગજ્જરનું દિલ તૂટી ગયું હતું. એટલે ઈ.સ. ૧૮૯૬માં એ સંસ્થામાંથી રાજીનામું આપીને તે છૂટા થયા. હકીકતમાં ગોકળદાસ શાહ કહે છે તેમ 'તેમના કામની ખરી કિંમત હુન્નર ઉદ્યોગના વિષયો બરાબર નહીં સમજનારાથી થઇ શકી નહોતી.'[૨૬] દૂષિત રાજકારણ, સંનિષ્ઠ શિક્ષકોની ભાવનાની હાંસી ઉડાવી કેળવણીને કેટલી માઠી અસર પહોંચાડે છે, એ બતાવતું આ સચોટ ઉદાહરણ ગણાય.

પ્રો. ગજ્જરના ગયા પછી કલાભવને ઘણી ચડતીપડતી જોઇ છે. ઈ.સ. ૧૮૯૬થી ઈ.સ. ૧૯૦૮ સુધી રાવજીભાઇ મોતીભાઇ પટેલ તેના મુખ્ય અધ્યાપક હતા. એમના વહીવટ દરમ્યાન કલાભવનની સ્થિતિ દર્શાવતું ચિત્ર 'શ્રી સયાજી ગૌરવગ્રંથ'માં આ પ્રમાણે રજૂ થયું છે :

> "રાવજીભાઇના વખતમાં કલાભવનની વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો. ખર્ચમાં પણ લગભગ રૂા. ૧૭૦૦૦ જેટલી બચત કરવામાં આવી, કલાભવનને અંગે નીકળતાં પત્રો પણ બંધ કરવામાં આવ્યાં અને એકંદરે કરકસરથી કામ લેવાવા લાગ્યું. તેમના વખતમાં યંત્રશાળા, રંગશાળા, ચિત્રશાળા, શિલ્પશાળા, એટલી જ શાળાઓ ચાલુ હતી, અને વણાટશાળાનું હંગામી ખાતું ચાલુ રાખવામાં આવ્યું હતું."[૨૭]

ઈ.સ. ૧૯૦૮થી અધ્યેયકાલના અંત સુધી કલાભવનનો હવાલો એના મુખ્ય અધ્યાપક વોરાના હાથમાં રહ્યો. એમને કલાભવનમાં ઘણી ખામીઓ વર્તાયેલી. વોરા ઘરને ખર્ચે યુરોપના દેશોમાં અભ્યાસ કરી આવેલા ઉત્સાહી અધ્યાપક હતા. એમણે કલાભવનની સુધારણા માટે ઘણી દરખાસ્તો રજૂ કરી પરંતુ રાજ્યે કલાભવનની સુધારણા માટે તપાસપંચો અને સલાહકાર મંડળો રચ્યા સિવાય અધ્યેયકાલના અંત સુધી કોઇ નોંધનીય પગલાં લીધાં નહોતાં.[૨૮] તત્પશ્ચાત્ કલાભવને જે પ્રગતિ સાધી એની સમીક્ષા પ્રસ્તુત અધ્યયનના સીમાપ્રદેશ બહારનો વિષય છે.

કલાભવને આગળ જોયું તેમ વડોદરા રાજ્યનાં અમરેલી, પાટણ, પેટલાદ વગેરે સ્થળોમાં પણ ઉદ્યોગશાળાઓ સ્થાપવાની પ્રવૃત્તિને વેગ આપ્યો હતો. આ

ઉધોગશાળાઓમાં રંગકામ, સુથારીકામ અને વણાટકામના હુન્નરો શીખવવામાં આવતા. કલાભવન ખાતે ગુજરાતભરના વિધાર્થીઓ હુન્નરઉધોગની તાલીમ મેળવવા આવતા. પરંતુ કલાભવનની સેવાઓ હિંદવ્યાપી હતી. આ હકીકતનો નિર્દેશ પણ શ્રી સયાજી-ગૌરવગ્રંથ[1]માં આ પ્રમાણે થયો છે :

> "કલાભવન એ એક એવી સંસ્થા છે, કે જેમાં હિંદના કોઇ પણ ભાગમાંથી વિધાર્થી ભણવા આવ્યો નહીં હોય એવું નહીં બન્યું હોય. પેશાવરથી કન્યાકુમારી સુધી અને કરાંચીથી કલકત્તા સુધીના પ્રદેશમાંથી વિધાર્થીઓ અહીં આવીને ભણે છે. આ સંસ્થાનો લાભ રાજ્યના વતની લોકો કરતાં બીજા ઇલાકાના લોકોએ વધારે લીધો હશે."[૨૯]

ઉપર્યુક્ત અવલોકન, ઇ.સ. ૧૯૩૨ના વર્ષનું છે, એટલે અધ્યેયકાલ દરમ્યાન પણ કલાભવનમાં શિક્ષણ પ્રાપ્ત કરનારા ગુજરાત બહારના વિધાર્થીઓનું પ્રમાણ ઠીક ઠીક રહ્યું હશે, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે. ભૂતપૂર્વ વડોદરા રાજ્યની આવી સિધ્ધિનું ગૌરવ વર્તમાન ગુજરાત લઇ શકે એમ છે.

અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં, ગુજરાતમાં ઔધોગિક અને વ્યાવસાયિક શિક્ષણનું ચિત્ર ઉપર મુજબ ઉપસ્યું હતું.

## ૬.૪ વ્યાયામ શિક્ષણવ્યવસ્થા

લૉર્ડ કર્ઝને ઇ.સ. ૧૯૦૫માં બંગાળાના ભાગલા પાડયા, ત્યારથી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓએ વેગ પકડવા માંડયો. શિક્ષિત અને સેવાભાવી યુવકો હવે દેશના નવનિર્માણનું સ્વપ્ન જોવા લાગ્યા. પ્રજાજીવનની ભિન્ન ભિન્ન નબળાઇઓ એમને કઠવા લાગી. એને દૂર કરવા તેઓ જુદાં જુદાં ક્ષેત્રો પકડીને એમાં કાર્યરત બન્યા. ગુજરાતના યુવકો પણ આમાં પાછળ નહોતા.

ગુજરાતી પ્રજાની એક મોટી નબળાઇ તેની વ્યાયામ પ્રત્યેની ઉદાસીનતા હતી. રમતો પ્રત્યેના તેના અભાવાનો નિર્દેશ તો આ અગાઉ થઇ ગયો છે. શારીરિક તાકાતને અને બુધ્ધિને બાર ગાઉનું છેટું રહે છે, એવો વ્યાપક ભ્રમ આ પ્રજા ધરાવતી હતી. પરિણામે વડોદરા રાજ્યે, પ્રજામાં વ્યાયામના સંસ્કારો ખીલવવા ઊભા કરેલા અખાડાઓનો લાભ પણ ગુજરાતીઓ ઘણા ઓછા પ્રમાણમાં લેતા. અખાડામાં જવું એ

સંસ્કારિતાની નિશાની નથી, એવી ગુજરાતીઓની સામાન્ય માન્યતા હતી. રમણલાલ વસંતલાલ દેસાઇએ ગુજરાતી પ્રજાની આ ભ્રામક માન્યતાનો નિર્દેશ એમની આત્મકથામાં આ પ્રમાણે કર્યો છે :

> "સભ્ય ગુજરાતી જનતા ધંધાદારી મલ્લોનો સંસર્ગ બહુ પ્રતિષ્ઠિત ગણતી નહિ. ગુંડાગીરીને અને મલ્લવિદ્યાને ગાઢ સંબંધ હોય એમ માની પહેલવાનોના અખાડાઓ સેવનાર પ્રત્યે ગુજરાતી જનતા જરા કતરાતી જોતી આંખે - જો કે કોઇ કોઇ ગુજરાતી શોખીનો અખાડામાં જતા ખરા." [30]

મહારાષ્ટ્રીય પ્રજા એના વ્યાયામશોખ માટે જાણીતી હતી અને એ પ્રજા વડોદરાના અખાડાઓનો સારી રીતે લાભ લેતી. ગુજરાતીઓ એમ કરવામાં ઘણા પાછળ હતા, એ હકીકતનો નિર્દેશ 'શ્રી અંબુભાઇ પુરાણી' (ષષ્ટિપૂર્તિ અભિનંદનગ્રંથ)માં પણ આ રીતે થયો છે :

> "તે વખતની માન્યતા એવી હતી કે કસરત અને કુસ્તી તો મહારાષ્ટ્રીયન લોકો જ કરી શકે. ગુજરાતીઓ- ઢીલી દાળના ખાનારા- તો ખાલી વહેપાર જ કરી જાણે. વળી એ (મહારાષ્ટ્રીય) લોકો તિરસ્કારયુકત એક વાકય પણ વાપરતા કે, "એઇ ! તું માણસ છે કે ગુજરાથી?" પરંતુ એ સન ૧૯૧૩ની આસપાસનો જમાનો હવે[X] બદલાઇ ગયો છે." [31]

ગુજરાતી પ્રજાની આવી વ્યાયામવિમુખતા વિદારવા, ચાલુ સદીના પ્રથમ બે દાયકાઓ દરમ્યાન જે યુવકો બહાર પડયા, એમાં પુરાણીબંધુઓની બેલડી મોખરે રહી છે. આ બંધુઓ તે છોટુભાઇ પુરાણી અને તેમના લઘુબંધુ અંબુભાઇ. આ બંધુઓએ ગુજરાતમાં અનેક વ્યાયામશાળાઓ ઊભી કરી ગુજરાતની જનતામાં વ્યાયામના સંસ્કાર રેડવામાં અને અનેક ગુજરાતી યુવકોનું સર્વાંગીણ ઘડતર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. પુરાણીબંધુઓની વ્યાયામ શાળાઓ તરીકે જાણીતી બનેલી આ વ્યાયામ-શાળાઓએ સાંપ્રત સદીના પ્રારંભિક દાયકાઓમાં ગુજરાતભરમાં સારું આકર્ષણ જમાવેલું. અહીં, અધ્યેયકાલ દરમ્યાન, એ વ્યાયામશાળાઓની કામગીરી કેવી રહેવા પામી હતી, એની સંક્ષિપ્ત સમીક્ષા કરવી આવશ્યક ગણાય.

------------

X કૃતિ પ્રકાશન વર્ષ : ઇ.સ. ૧૯૫૫

(૧) વ્યાયામશાળાઓની સ્થાપના અને વિસ્તરણ :

વડોદરાના મહિલા અધ્યાપન મંદિરના પ્રાધ્યાપક છોટુભાઈએ ઇ.સ.૧૯૦૭માં, અરવિંદ ઘોષની પ્રેરણાથી એક વ્યાયામ શાળા સ્થાપેલી. લક્ષ્મીનાથ નામના એક શિક્ષકે આ વ્યાયામશાળાને ઉદારપણે સહાય કરી, એટલે ઇ.સ.૧૯૦૯થી તે 'લક્ષ્મીનાથ વ્યાયામ મંદિર' તરીકે ઓળખાતી થઇ.[32] આમ, ગુજરાતભરમાં જાણીતી બનેલી પુરાણીબંધુઓની વ્યાયામશાળાઓનો પ્રારંભ વડોદરાથી છોટુભાઇના હસ્તે થયો. અરવિંદ ઘોષની રાષ્ટ્રવાદી વિચારસરણીની અસર હેઠળ, એની પ્રવૃત્તિઓનું સ્વરૂપ પરંપરાગત કસરતશાળાઓ કરતાં પ્રારંભથી જ જુદું રહેવા પામ્યું હતું. એનો આખો ઝોક વિશેષત: રાષ્ટ્રવાદી વિચારસરણી ધરાવતા દેશસેવકો કેળવવા પર રહ્યો છે. એનો વિગતે નિર્દેશ હવે પછી કરવામાં આવશે.

છોટુભાઇ અને તેમના લઘુબંધુ અંબુભાઇનાં પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ તૈયાર થતા કાર્યકરોએ વ્યાયામશાળાઓની સ્થાપનાને ગુજરાતવ્યાપી સ્વરૂપ આપ્યું. એનો નિર્દેશ અંબુભાઇ પુરાણીના ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથમાં આ પ્રમાણે થયો છે :

> "વડીલબંધુ શ્રી છોટુભાઇ આદિ લક્ષ્મીનાથ વ્યાયામશાળાના આદ્ય સંસ્થાપકોની પ્રેરણા તથા શ્રી અંબુભાઇના સક્રિય પ્રયાસ દ્વારા દરેક સ્થળે સેવાભાવી ઉત્સાહી કાર્યકરોનાં જૂથ કેળવાયાં અને પરંપરાગત સંસ્થાઓને સંભાળવા લાગ્યા. શરૂઆતનું 'પુરાણીમંડળ' અખિલ ગુજરાત વ્યાયામ મંડળમાં પરિણમ્યું. એના આશ્રયે ભાઇ લલિતચંદ્ર દિવાનજી દ્વારા સોજીત્રા ખાતે, શ્રી દયાશંકર ભટ્ટ દ્વારા ભવાલડી ખાતે, શ્રી કેસરલાલ દીક્ષિત દ્વારા પાટણ ખાતે, શ્રી રાવજીભાઇ દ્વારા આણંદ ખાતે શ્રી જગન્નાથ પુરાણી (શ્રી છોટુભાઇના સહોદર ભાઇ) દ્વારા જંબુસર ખાતે, એમ એક પછી એક વિવિધ કેન્દ્રોમાં વ્યાયામશાળાઓ ઊઘડતી ગઇ. અને પછી તો જ્યાં જ્યાં પુરાણી મંડળનો કોઇ સભ્ય જાય ત્યાં ત્યાં થોડાક સમયમાં વ્યાયામશાળાઓ ઉઘડે જ એવો ક્રમ બંધાઇ ગયો. આ બધી સંસ્થાઓ તથા તેમના કાર્યકરોનું સંગઠન તે જ આજનું ગુજરાત વ્યાયામ મંડળ."[33]

દેશદાઝની ભાવનાથી ભરેલા યુવકોએ, સ્વૈચ્છિક ધોરણે ગુજરાતવ્યાપી સંગઠન રચાતા પહેલાંય, ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિને વેગ આપવામાં કેવો મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, તે આના પરથી સૂચિત થાય છે. પ્રારંભમાં ગુજરાતમાં વ્યાયામ પ્રત્યે ઉદાસીનતા પ્રવર્તતી હતી, ત્યારે આ યુવકોની પ્રવૃત્તિઓનો ઠેર ઠેર વિરોધ પણ થતો. ઉપર્યુક્ત અભિનંદનગ્રંથમાં પ્રસિદ્ધ થયેલા એક સ્મૃતિલેખમાં બાપાલાલ વૈદ્ય આ હકીકતનો નિર્દેશ નીચે પ્રમાણે કરે છે :

> "એક વખત એવો હતો જયારે 'અખાડો' શબ્દ છૂટથી બોલાતો ન હતો. પહેલવહેલો વડોદરામાં બાજવાડામાં અખાડો શરુ કર્યો ત્યારે ત્યાંની વસ્તીએ પુરાણી અને એમના કાર્યકર્તાઓને ખૂબ જ ગાળોથી નવાજેલા. રોજ અખાડામાં મલમૂત્ર નાખે, બચ્ચાંને ત્યાં જ જાજરુ કરાવે અને કાનમાં કીડા ખરે એવી ગાળો તો રોજની જ !"[34]

અન્યત્ર પણ વ્યાયામશાળાઓના કાર્યકરોને લોકવિરોધનો સામનો કરવો પડયો હોવાનાં કેટલાક ઉદાહરણો અંબુભાઇ પુરાણીના ષષ્ટિપૂર્તિ અભિનંદનગ્રંથમાં નોંધાયાં છે, સરકારની પણ વ્યાયામશાળાઓ તરફ 'લાલ આંખ' રહેતી હોવાનો ઉલ્લેખ ઉક્ત ગ્રંથમાં પ્રગટ થયેલા 'વડીલબંધુ અંબુભાઇ' નામના સ્મૃતિલેખમાં રમણલાલ શાહે કર્યો છે. છતાં આ બધાય વિરોધોની વચ્ચે દેશદાઝ ધરાવતા રાષ્ટ્રવાદી ગુજરાતી યુવકોએ અવિરતપણે વ્યાયામની જ્યોત જલતી રાખીને ઠેર ઠેર વ્યાયામશાળાઓ સ્થાપવાનું ચાલુ રાખ્યું હતું.

સુમંત મહેતા, ઇન્દુલાલ યાજ્ઞિક વગેરે જેવા પ્રજાસેવકોના પ્રયત્નોને લીધે 'ગુજરાત કેળવણી મંડળ'નું ધ્યાન પણ આ પ્રવૃત્તિ તરફ દોરાયું હતું. ઇ.સ.૧૯૧૭માં ભરૂચ મુકામે મળેલી ગુજરાતની બીજી કેળવણી પરિષદે "આદર્શ વ્યાયામશાળાઓની હારમાળા ગુજરાતમાં સ્થાપવાની અને તે માટે એક અખાડાનો તાલીમબાજ ને કાર્યદક્ષ પ્રચારક રોકવાની ભલામણ કરેલી."[35] વ્યાયામપ્રચારના આ કાર્ય માટે 'ગુજરાત કેળવણી મંડળે' ઇ.સ.૧૯૧૮માં છોટુભાઇના લઘુબંધુ અંબુભાઇની નિમણૂક કરી હતી. અંબુભાઇએ એ કાર્ય ખૂબ ઉત્સાહથી પાર પાડેલું, એમની કામગીરી વિશે ઇન્દુલાલ યાજ્ઞિકનું અવલોકન આ પ્રમાણે છે :

"નડિયાદ અને આણંદમાં અખાડાની જ્યોત જલતી થઇ. પછી તો ધીમે ધીમે અંબુભાઇએ આખા ચરોતર પ્રદેશમાં વ્યાયામવીર બનીને ઘૂમવા માંડયું. તેમનું જાદુઇ આકર્ષણ યુવકોની સારી આલમ પર વધતું જ ગયું. થોડાં વરસોમાં ચરોતરમાં ને સારા ગુજરાતમાં તે વ્યાયામપ્રવૃત્તિના પ્રવર્તક બની ગયા."[36]

આમ, અધ્યેયકાલના અંત સુધીમાં વ્યાયામપ્રવૃત્તિ ગુજરાતમાં વ્યાપક બની ચૂકી હતી.

(૨) <u>વ્યાયામશાળાઓના ઉદ્દેશો</u> : અગાઉ નોંધ્યું છે, તેમ ગુજરાતમાં અધ્યેયકાલના છેલ્લા બે દસકોમાં અસ્તિત્વમાં આવેલી નવી વ્યાયામશાળાઓનો આવિર્ભાવ રાષ્ટ્રીય ચેતનામાંથી થયો હતો. ફલતઃ એનાં ઉદ્દેશો અને કાર્યપધ્ધતિ પરંપરાગત કસરત-શાળાઓ કરતાં જુદાં રહે એ સ્વાભાવિક છે. એનો મુખ્ય ઉદ્દેશ ચારિત્ર્યશીલ રાષ્ટ્રપ્રેમી યુવકો ઘડવાનો હતો એટલે આ વ્યાયામશાળાઓ યુવકોના સર્વાંગીણ ઘડતરને પોષક એવી ઘણી પ્રવૃત્તિઓ હાથ ધરતી. અંબુભાઇ પુરાણીના ષષ્ઠિપૂર્તિ અભિનંદન ગ્રંથમાં પ્રગટ થયેલા ઘણા અંજલિલેખોમાં આ હકીકતનો ઉલ્લેખ થયો છે. પ્રસ્તુત ગ્રંથમાં 'પ્રેરણાદાયી સંપર્ક' એ શીર્ષક હેઠળ પ્રગટ થયેલા લેખમાં ગણેશ વાસુદેવ માવલંકર એ વ્યાયામશાળાઓના ઉદ્દેશને નીચે પ્રમાણે શબ્દબધ્ધ કરે છે :

"શરીર સાથે મન અને બુધ્ધિનો વિકાસ થવો જોઇએ અને તે દૃષ્ટિએ વ્યાયામ લેતા યુવકો સાચા દિલના, સેવાભાવી, ત્યાગી, બુધ્ધિવાન અને જ્ઞાનવાન થાય એ પ્રકારે વ્યાયામશાળામાં ચાલતા અભ્યાસ અને કાર્યક્રમોની ગોઠવણ કરવામાં આવતી હતી, જેનો વિકાસ વ્યાયામશાળાના હાલના સ્વરૂપમાં દેખાઇ આવે છે."[37]

છોટુભાઇ ભટ્ટ, 'સર્વાંગીણ શિક્ષણશાસ્ત્રી' એ શીર્ષક હેઠળ ઉકત ગ્રંથમાં પ્રસિધ્ધ થયેલા બીજા એક લેખમાં વ્યાયામશાળાઓનો ઉદ્દેશ યુવકોનું સર્વાંગીણ ઘડતર કરવાનો હતો, એ હકીકતનું પ્રતિપાદન નીચેના શબ્દોમાં કરે છે :

"શરીર, પ્રાણ અને મન એ ત્રણેયની શકિતઓ મનુષ્યમાં વિકાસ પામવી જોઇએ, એ તેમને (અંબુભાઇ પુરાણીને) સમજાયું. તે વખતની શાળા મહાશાળાઓ માત્ર મનની કેળવણી જ કંઇક અંશે આપતી એટલે આ

અધૂરી કેળવણીમાં પૂર્ણતા લાવવા માટે તેમણે નૂતન દૃષ્ટિએ વ્યાયામ-મંદિરની રચના કરી તેમાં સર્વાંગીણ કેળવણીનો સમન્વય કરી લીધો. સર્વાંગી પ્રગતિ કરવાનો તેમના અંતરાત્માનો આ નાદ તેમની સર્વ પ્રવૃત્તિમાં ઝળહળી રહ્યો. એ જ જ્યોતમાંથી અનેક જ્યોત પ્રગટી ગુજરાતમાં વ્યાયામમંદિરોની હારમાળા શરૂ થઇ."[38]

રાષ્ટ્રપ્રેમી યુવકોને નવી કેળવણીની અધૂરપ હવે સમજાતી જતી હતી અને એ નિવારવા તેઓ પોતે પોતપોતાની રીતે બહાર આવવા લાગ્યા હતા. ચાલુસદીના પ્રથમ બે દાયકા દરમ્યાન ગુજરાતમાં શરૂ થયેલી છાત્રાલયપ્રવૃત્તિનો વિગતવાર નિર્દેશ આગળના પ્રકરણમાં થયો છે. એના કેટલાક સેવાભાવી યુવાન કાર્યકર્તાઓએ પણ છાત્રાલયોને વિદ્યાર્થીઓના સર્વાંગીણ ઘડતરનાં કેન્દ્રો બનાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો હતો. વ્યાયામ-શાળાઓની પ્રવૃત્તિ પણ એજ દિશામાં જઇ રહી હતી એમ કહી શકાય.

યુવકોમાં શ્રમસહિષ્ણુતા, પ્રમાણિકતા, સેવાભાવ, દેશપ્રેમ, સ્વાવલંબન આદિ જેવા મહત્ત્વના ગુણો વિકસે અને એમના ચારિત્ર્યનો વિકાસ થાય, એવા પ્રયત્નો વ્યાયામશાળાઓમાં હાથ ધરવામાં આવતા હોવાનો નિર્દેશ, ઉક્ત અભિનંદનગ્રંથમાં પ્રગટ થયેલા અન્ય સ્મૃતિલેખોમાંથી પણ પ્રાપ્ત થાય છે.

(૩) વ્યાયામશાળાઓની પ્રવૃત્તિઓ : વ્યાયામશાળાઓના ઉદ્દેશોની વિશાળતા જોતાં એની પ્રવૃત્તિઓનાં સ્વરૂપ અને વૈવિધ્ય કેવાં હશે, એનો અણસાર મળી રહે છે. એમાં શારીરિક સ્વાસ્થ્ય અને વિકાસને લગતી પ્રવૃત્તિઓને તો સ્થાન હતું જ, પરંતુ એ સિવાય પણ વિદ્યાર્થીઓના સર્વાંગીણ ઘડતરમાં સહાયભૂત થાય એવી બીજી ઘણી પ્રવૃત્તિઓ એના કાર્યક્રમોમાં આવરી લેવામાં આવતી.

નડિયાદની વ્યાયામશાળામાં, ચરિતનાયક અંબુભાઇ વિદ્યાર્થી ઘડતરનું કાર્ય શી રીતે કરતા, એનો નિર્દેશ 'સદા યુવાન અંબુભાઇ' એ શીર્ષક હેઠળ પ્રગટ થયેલા સ્મૃતિલેખમાં ઇશ્વરભાઇ પટેલ નીચે પ્રમાણે કરે છે. એના પરથી વ્યાયામશાળાની કેટલીક પ્રવૃત્તિઓનો ખ્યાલ મળી રહે છે.:

"પછી તો પેલા યુવકે (અંબુભાઇએ) એમને (અન્ય યુવકોને) પોતાની પાછળ ગાંડા જ બનાવ્યા. ઢળતો પહોર થતાં જ, શાળામાંથી છૂટયા એવા સૌ ત્યાં પહોંચી જાય, લંગોટ લગાવે, વ્યાયામ કરે, પરવારી વાતો

> કરે અને ઘેર જાય. વાળુ કરીને પાછા પેલા યુવકને ઠેકે એકત્રિત થાય ને એ સૌને ભૂમિતિ ને ભૂગોળ, અંગ્રેજી ને બીજી ભાષા, બધું ભણાવે. સવારે સૌને વહેલા ઉઠાડે, પછી પોતાના લઘુ બંધુઓની જેમ એમની કાળજી રાખે અને એમને જાત-ભાતની તાલીમ ને જાહેર પ્રવૃત્તિઓમાં લપેટે. છાપાં કે સમાચારનું જેમણે નામ નહિ સાંભળેલું તે માસિક કાઢતાં ને વાંચતાં થયા. રવિવાર આવે ને સૌ એની પાછળ દોટ મૂકે. સાંકડી નાળે અને વિકટ રસ્તે એ સૌને લઇ જાય. જતાં જતાં ફળ ને ફૂલ, પાનવેલા, ઝાડને ઝાંખરાનો એ પરિચય કરાવે. ભૂમિની ભૂગોળ અને રચનાની રંજનાત્મક વાતો કરે અને જ્ઞાનવિજ્ઞાનના અગાધ સમુદ્ર તરફ સૌની દૃષ્ટિ ચીંધે."[૩૯]

ઉપર્યુકત ઉદાહરણમાં વ્યાયામ ઉપરાંત, અધ્યયન-અધ્યાપન, સમાચારવાચન, સામયિકપ્રકાશન, પ્રવાસપર્યટન આદિ પ્રવૃત્તિઓનો નિર્દેશ થયો છે. એ સાથે અંબુભાઇની અનૌપચારિકપણે શિક્ષણ આપવાની રીત પણ સૂચવાઇ છે. ઉકત ગ્રંથમાં પ્રકાશિત થયેલા અન્ય અંજલિલેખોમાં, વ્યાયામશાળાની પ્રવૃત્તિઓમાં વકતૃત્વ સ્પર્ધાઓ, સાંઘિક રમતો, ધર્મપુસ્તકો તથા ચારિત્ર્યગ્રંથોનું પઠન, સમાજસેવાના કાર્યક્રમો આદિને પણ મહત્ત્વનું સ્થાન મળ્યું હોવાના ઉલ્લેખો થયા છે. ગુજરાતમાં અસ્તિત્વમાં આવેલી બધી જ વ્યાયામ શાળાઓ માટે આ પ્રવૃત્તિઓ લગભગ સામાન્ય હતી. એ પ્રવૃત્તિઓ તરફ નજર કરતાં જણાય છે, કે એમાં યુવકોનાં શરીર, મન અને આત્માની કેળવણીના તત્ત્વો અનુસ્યૂત થઇ ગયાં છે. આમ, સાંપ્રત સૈકાના પ્રથમ બે દસકો દરમ્યાન ગુજરાતમાં અસ્તિત્વમાં આવેલી નવી વ્યાયામશાળાઓએ યુવકોના સર્વાંગીણ ઘડતરમાં મહત્ત્વનું પ્રદાન કર્યું હતું, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

## ૬.૫ બ્રાહ્મણ-વિદ્યાર્થીઓ માટેની શિક્ષણવ્યવસ્થા :

ગુરુને ઘેર રહી શાસ્ત્રાધ્યયન કરવાની પરિપાટી ભારતવર્ષમાં ઘણી પ્રાચીન છે. અધ્યેયકાલ દરમ્યાન, આ પરિપાટીનું અનુસંધાન દર્શાવતી, વિદ્વાન બ્રાહ્મણો દ્વારા સંચાલિત પાઠશાળાઓ વિશેની કેટલીક માહિતી પણ ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. આવી પાઠશાળાઓ વેદશાળાઓ તરીકે પણ ઓળખાતી, જ્યાં રહી

કેટલાક બ્રાહ્મણ વિદ્યાર્થીઓ વ્યાકરણ, કાવ્ય, જ્યોતિષ, વૈદક કર્મકાંડ વગેરે પૈકી અનુકૂળ વિદ્યાશાખાનું જ્ઞાન યથામતિ પ્રાપ્ત કરતા. અંગ્રેજી કેળવણીના પ્રસાર સાથે આવી પાઠશાળાઓની લોકપ્રિયતા ઓછી થવા લાગી. હવે, બ્રાહ્મણના જે છોકરાઓ એક યા બીજા કારણસર નવી કેળવણી પ્રાપ્ત કરી શકે એમ ન હોય કે એમાં નિષ્ફળ જતા હોય એમના પૂરતું જ પાઠશાળાઓનું શિક્ષણ મર્યાદિત બની ગયું.[40] પશ્ચિમના શિક્ષણ અને સંસ્કૃતિએ આમ, શિક્ષણની આ પ્રાચીન પ્રણાલિકા પર પણ આક્રમણ કર્યું હતું. નવી કેળવણીના પ્રસાર સાથે લોકશિક્ષણની પરંપરાગત ગામઠી શિક્ષણપ્રણાલીનાં પણ વળતાં પાણી થયાં હતાં, એ હકીકતની નોંધ આ અગાઉ લેવાઇ ગઇ છે.

આવી પાઠશાળાઓનો નિભાવ બહુધા દેશી રાજ્યો દ્વારા અને શ્રીમંતો તરફથી મળતાં દાનો ઉપર થતો હોવાના નિર્દેશો મહારાજા સયાજીરાવ ગાયકવાડ[41] (૧૮૬૩-૧૯૩૯), મગનલાલ દલપતરામ કવિ[42] (૧૮૬૪-૧૯૦૧), વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી[43] (૧૮૭૩-૧૯૨૨) વગેરેનાં જીવનચરિત્રોમાંથી મળે છે. પાઠશાળાઓમાં ભણવા આવતા વિદ્યાર્થીઓને માટે મકાન વસ્ત્રો, સીધાં કે છાત્રવૃત્તિની સગવડ કેટલાંક દેશી રાજ્યો તરફથી અને કેટલીક અન્ય સંસ્થાઓ તરફથી કરવામાં આવતી હોવાનો ઉલ્લેખ રવિશંકર રાવળ[44] (જ. ૧૮૯૨)ની આત્મકથામાં પણ થયો છે. પાઠશાળાઓમાં અધ્યયન કરતા ભિક્ષુક વિદ્યાર્થીઓ 'માધુકરી' માગી લાવીને નિર્વાહ કરતા હોવાનો નિર્દેશ પણ છોટાલાલ નરભેરામ ભટ્ટ[45] (૧૮૫૦-૧૯૩૭) તથા રમણલાલ વસંતલાલ દેસાઇ (૧૮૯૨-૧૯૫૫)ની આત્મકથાઓમાંથી મળે છે. રમણલાલ દેસાઇ માધુકરીની પ્રથાનો કંઇક વિસ્તૃત પરિચય એમની આત્મકથામાં આ પ્રમાણે આપે છે :

> "(વિદ્યાર્થીઓને) ભોજન પણ બોર્ડિંગ હાઉસની માફક કોઇ 'મહારાજ' કે 'ભટ' ન કરી આપે. ગુરુપત્નીના હાથે જે રસોઇ થાય તે જમી લેવાની અને રસોઇમાંયે સારા વિદ્યાર્થીઓએ સહાય આપવાની. વળી એ ભોજનનો આધાર પણ ભિક્ષા ઉપર જ ! વિદ્યાર્થીઓ ટોળાબંધ ગોઠવાઇ ગામમાં ગોળીઓ લઇ અમુક લત્તામાં નીકળી પડે. વણિકો, પાટીદારો, સધન બ્રાહ્મણો ભિક્ષા જરૂર આપે. અમુક અમુક ઘર નક્કી થઇ ચૂકેલાં જ હોય કે જ્યાંથી ભિક્ષા તેમને મળી જ રહે. મુસલમાન,

અન્ત્યજ , હલકી વર્ણ, વિધવા ગરીબ કે સામાન્ય બ્રાહ્મણને ઘેર ભિક્ષા માગવા વિદ્યાર્થીથી ન જવાય." [46]

પાઠશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓનું જીવન આ રીતે સ્વાવલંબનના પાયા પર રચાયેલું હતું. જનસમાજમાં વિદ્યાર્થીઓને સહાય કરવાની વૃત્તિ પણ સામાન્ય હતી, એટલે વિદ્યાર્થીઓને ભિક્ષા મેળવવાનું સરળ પડતું. શ્રાદ્ધ, સંવત્સરી આદિ પ્રસંગોએ પાઠશાળાના વિદ્યાર્થીઓને લોકો તરફથી ભોજન આપવાની ચાલ પણ જનસમાજમાં હતી. [47] વળી, આ વિદ્યાર્થીઓનું જીવન પણ ઘણું સાદું હતું અને એમની જરૂરિયાતો ઘણી ઓછી રહેતી. રમણલાલ દેસાઈ એ હકીકતનો નિર્દેશ એમની આત્મકથામાં નીચે પ્રમાણે કરે છે :

"નાવા માટે અલગ 'બાથરૂમ' નહિ, સાબુ નહિ, ક્રીમ નહિ, ઊના-ટાઢાં પાણીની ડોલ કે કૂંડીઓ નહિ, કાંસકી નહિ, ફરવાળો ટર્કીશ ટુવાલ નહિ, આજના વિદ્યાર્થીઓને જેના વગર ચાલે નહિ એવું કશું ત્યાં નહિ. સવારે વહેલા ઊઠી નર્મદાસ્નાન કરી લેવું, થોડુંઘણું તરવું, પોતાનાં લૂગડાં પોતે નીચોવી, છબછબાવી સૂકવવાં અને દેહશૃંગારમાં ત્રિપુંડ તાણવું એ સિવાય સ્નાનનો બીજો કશો વિધિ જ નહિ." [48]

આમ સાદગી, સ્વાવલંબન અને સહિષ્ણુતાના ઉત્તમ પાઠો વિદ્યાર્થીઓને પાઠશાળાઓમાં શીખવા મળતા. 'વિદ્યાર્થીને સુખ ન હોય અને સુખાર્થીને વિદ્યા ન હોય' એવી માન્યતા પર પાઠશાળાની શિક્ષણપ્રણાલી રચાયેલી હતી. ગુરુજનો સાથેના નિકટવર્તી સંબંધોની વિદ્યાર્થીઓના ઘડતરમાં રચનાત્મક અસર રહેતી. અન્ય વિદ્યાર્થીઓ સાથેનું સંઘજીવન પણ એમના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવતું. અહીં વિદ્યાર્થીઓને સાચા અર્થમાં જીવન દ્વારા જીવનની તાલીમ મળી રહેતી. આમ છતાં, નવા યુગની પ્રગતિ અને ભાવનાનો વિવેકપૂર્ણ આદર કરવાની વૃત્તિ આ પાઠશાળાઓમાં અધ્યયન કરીને બહાર પડતા વિદ્યાર્થીઓ ગુમાવી બેસતા હતા. એમનું જીવન બહુધા પ્રાચીન વર્ણાશ્રમધર્મને અનુસરનારું અને સ્થિતિચુસ્ત રહેતું.

### ૬.૬ રાજકુમારો માટેની શિક્ષણવ્યવસ્થા :

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં, સત્તાવિસ્તાર સાથે દેશી રાજ્યોના રાજકુમારોની

કેળવણીમાં બ્રિટિશ સરકારનો રસ વધવા લાગ્યો અને ભારતમાં તેમજ ગુજરાતમાં રાજકુમારોની કેળવણી માટે કેટલીક વિશિષ્ટ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. સુમંત મહેતા (૧૮૭૭-૧૯૬૮)એ ગુજરાત ખાતે અધ્યેયકાલના ઉત્તરાર્ધ દરમ્યાન અસ્તિત્વ ધરાવતી રાજકોટની 'રાજકુમાર કોલેજ' અને વઢવાણની 'ગરાશિયા સ્કૂલ'નો ઉલ્લેખ એમની આત્મકથામાં કર્યો છે.[૪૯] દેશીરાજ્યોના 'ભાવિ રાજવીઓ' આવી સંસ્થાઓમાં કેળવણી પ્રાપ્ત કરે એવો બ્રિટિશ સરકારનો ખાસ આગ્રહ રહેતો. 'દરબાર ગોપાળદાસ સ્મારકગ્રંથ'માં એ હકીકતનો નિર્દેશ નીચે પ્રમાણે થયો છે :

> "(ગોરધનભાઇ ઉર્ફે ગોપાળદાસ) હવે રાજકુમાર બન્યા હતા અને બ્રિટિશ પ્રણાલિકા પ્રમાણે આવા ભાવિ રાજાઓના શિક્ષણનો પ્રબંધ પણ અંગ્રેજ સરકારના પોલિટિકલ એજન્ટ કરતા અને તેમ કરીને પોતાને ફાવતા ઢાળમાં તેમનું ઘડતર કરવાની કાળજી રાખતા. આમ સૌરાષ્ટ્રની રાજકુમારો માટેની ગરાશિયા સ્કૂલમાં ગોપાળદાસને દાખલ કરવા માટેનું કહેણ પોલિટિકલ એજન્ટ તરફથી આવતાં ગોપાળદાસ ત્યાં ગયા."[૫૦]

ઉક્ત સંસ્થાઓમાં જ રાજકુમારો શિક્ષણ પ્રાપ્ત કરે, એવા આગ્રહ પાછળનો બ્રિટિશ સરકારનો ઇરાદો શો હતો, એ પણ ઉપર્યુક્ત ઉદ્ધરણમાં સૂચવાયું છે. જે રાજપરિવારો એક યા બીજા કારણસર પોતાના કુમારોને રાજકુંવરો માટેની વિશિષ્ટ સંસ્થામાં કેળવણી આપી શકે એમ ન હોય, તે ઘરઆંગણે એક અથવા વધારે શિક્ષકો રોકીને રાજકુંવરોને શિક્ષણ આપવાનો પ્રબંધ કરતા. આવા ખાનગી શિક્ષકોની નિમણૂક કરવા માટે પણ રાજ્યોએ બ્રિટિશ સરકારની પરવાનગી પ્રાપ્ત કરવી પડતી.[૫૧] કેટલેક સ્થળે તો આવા ખાનગી શિક્ષકની નિમણૂક પણ બ્રિટિશ સરકારના પ્રતિનિધિ દ્વારા થતી અને તેઓ બહુધા અંગ્રેજ શિક્ષકો નિમવાની તરફદારી જ કરતા.[૫૨] જ્યાં દેશી શિક્ષકો દ્વારા રાજકુંવરોને શિક્ષણ આપવાનો પ્રબંધ થતો હોય ત્યાં અંગ્રેજ અધિકારીઓની એ શિક્ષણ પર ચાંપતી નજર રહેતી. દેશીરાજ્યોના રાજકુંવરોના શિક્ષણમાં આવો તીવ્ર રસ દાખવવા પાછળ, રાજકુમારોને પશ્ચિમની સંસ્કૃતિ અને વિદેશી સત્તાના પ્રશંસકો બનાવવાનો અને એ દ્વારા બ્રિટિશ રાજ્યતંત્રને સુદૃઢ અને

સંગીન ભૂમિકા પર મૂકવાની અંગ્રેજ શાસકોનો ઇરાદો હતો, એમ જણાય છે.

રાજકુમારો માટેની વિશિષ્ટ સંસ્થાઓ, રાજકુમારોને આખરે તો જાહેર પરીક્ષાઓ માટે તૈયાર કરતી હોઇ, સામાન્ય શાલેય વિષયોનું શિક્ષણ એ સંસ્થાઓ પણ આપતી. સુમંત મહેતાનું આ સંસ્થામાં અપાતા શિક્ષણ વિશેનું અવલોકન દર્શાવે છે કે એ વિષયોમાં આ સંસ્થાઓ સંતોષકારક શિક્ષણ આપતી નહોતી. :

> "રાજકુમારો પોતે એવું માને છે કે તેમનું ઊંચું શિક્ષણ ન મળે તેની કાળજી ટયૂટરો રાખે છે. અઢાર વર્ષના થાય ત્યાં સુધી મામૂલી મેટ્રિકને માટે પણ તૈયાર કરવામાં આવતા નથી. તેમને કસરત રમતગમત, ઘોડેસવારી અને શૂટિંગ શીખવવામાં આવે છે. એમાં ખાસ શીખવા જેવું કાંઇ હોતું નથી. એમને એવું કંઇ પણ વિશેષ જ્ઞાન મળે છે કે જે આપણાં છોકરાંઓને મળતું નથી ? રાજકુમારોને એવું શું શિક્ષણ મળે છે કે જેનાથી પોતાના 'ધંધા'ને માટે વધારે લાયકાત મેળવે છે ? ઇતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર વધારે જાણે છે ? તે જાણવાને માટે વધારે માનસિક ખિલવણી હોવી જોઇએ તે પણ હોતી નથી, પછી શું ઉકળે ?"[53]

શૈક્ષણિક સિદ્ધિનો આધાર અનેક પરિબળો પર રહેતો હોય છે. ભાવિની નિશ્ચિંતતાને લીધે કેટલાક રાજકુમારો સ્વયં, વિદ્યાકીય વિષયો પરત્વે ઉદાસીન રહેતા હોય, એમ પણ બને. એને લીધે પણ અઢાર વર્ષના થતા સુધી કેટલાક રાજકુમારો મેટ્રિકયુલેશન સુધી પહોંચી શકતા ન હોય એ બનવા જોગ છે. પરંતુ આના પરથી એટલું ફલિત થાય છે, કે સામાન્ય વિદ્યાકીય વિષયો ઉપરાંત અર્થશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, કાનૂન, રાજવ્યવસ્થા આદિ મહત્ત્વના વિષયોનું સંગીનશિક્ષણ 'ભાવિ રાજવીઓ' ને આપવાની જે આશા આ સંસ્થાઓ પાસે રાખી શકાય તેમ હતી, તે પૂર્ણ કરવામાં એ નિષ્ફળ ગઇ હતી.

રાજકુમારો માટેની વિશિષ્ટ સંસ્થાઓમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ પર વધુ ભાર મૂકાતો અને એની પાછળ વધુ સમય ગાળવામાં આવતો. ભાવિ રાજવીઓને ઉપયોગી નીવડે એવા કેટલાક ઉપર્યુકત વિષયોના સંગીન શિક્ષણનો પ્રબંધ નહીં થઇ શકવા પાછળનું, આ પણ એક જવાબદાર પરિબળ હોય એમ જણાય છે. રાજકોટની

રાજકુમાર કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી ચૂકેલા પ્રો. બળવંતરાય ઠાકોર રાજકુમારોની રજાઓ દરમ્યાનની પ્રવૃત્તિઓનો નિર્દેશ કરી એવી પ્રવૃત્તિઓ સંસ્થામાં પણ નિયમિત રીતે ચાલતી હોવાનું નીચે મુજબ દર્શાવે છે :

"રાજકુમાર કૉલેજની નોકરી દરમિયાન રજાઓ મેં તો સંસ્થાને જ સમર્પી. પ્રિન્સિપાલ સાહેબ થોડા મોટા કુંવરોને મ્હારી દેખરેખમાં માથેરાન, પંચગની કે કંઇક પર્યટણે મોકલતા. કુમારોની ચોવીશે કલાકની દિનચર્યાનો ભાર મ્હારે માથે. અમે રોજબરોજ અમુક માઇલો ફરતા, ક્રિકેટ, ટેનિસ આદિની સગવડો મળી આવે તેનો પૂરો લાભ લેતા. લાયબ્રેરી, રીડિંગ રૂમ હોય તેમાં રોજ નિયમિત જતા, રસ પડે એવી ચોપડી દરેક કુમારને હું પસંદ કરી આપતો અને અમે ત્યાં કલાક દોઢ કલાક નિયમિત ગાળિયે તે દરમિયાન કુંવરમેને એ વાંચનમાં એટલો રસ પણ પડતો કે તેઓ એવી એક બે ચોપડી પુરી કરતા, કેટલીક ભાગ ફરી ફરીને ય વાંચતા અને રાતે જમ્યા પછી પણ બિલિયર્ડસ્ ખેલતા. બેઠાડુપણું કે આળસ કે કુથલી નામે નહીં; કસરત વ્યાયામ સારી પેઠે, એવું સ્ફૂર્તિમય નિયમિત જીવન ગાળતા, એમ રજાઓ દરમ્યાન પણ અમે કુમારોના વિકાસ માટે રાજકુમાર કૉલેજના સત્રો દરમિયાન તેના નિવાસની ચતુ:સીમામાં જે જાતનું જીવન પ્રવર્તતું તેવું જ જીવન અમે ચાલુ રાખતા."[૫૪]

પ્રો. ઠાકોરની ઉપર્યુકત રજૂઆત પરથી ફલિત થાય છે, કે આ બધી પ્રવૃત્તિઓને કૉલેજના રોજિંદા કાર્યક્રમમાં પણ મહત્ત્વનું સ્થાન હતું જ. વિદ્યાર્થીઓના ઘડતરમાં એ મહત્ત્વનો ભાગ ભજવતી હશે, એ દેખીતું છે. સામાન્ય શાળાઓ કરતાં આ સંસ્થાઓના કાર્યક્રમો શી રીતે જુદા પડતા એનો નિર્દેશ પણ અહીં મળી રહે છે.

આ સંસ્થાઓ, રાજકુમારોને પશ્ચિમાભિમુખ બનાવી એમને વિદેશી શાસકોના પ્રશંશકો બનાવવા તરફ વિશેષ ભાર આપતી. આ હકીકતનો નિર્દેશ આ પહેલાં કરવામાં આવ્યો છે. રાજકુમારોને આ દિશામાં અભિમુખ કરવા માટે જે પ્રયત્નો

થતા, એનો નિર્દેશ 'દરબાર ગોપાળદાસ સ્મારકગ્રંથ'માંથી નીચે પ્રમાણે મળે છે :

"બૌધ્ધિક શિક્ષણને બદલે અહીં તો અંગ્રેજી રીતરિવાજો, ગવર્નર જેવા મોટા માણસોની સત્કારવિધિ, ક્રિકેટ ટેનિસ કે બેડમિંગ્ટન જેવી વિદેશી રમતો, ચમચા છરીથી ટેબલ પર ભોજન લેવાની આવડત, અંગ્રેજી અમલદારો સાથે વાતચીત કરવાની પધ્ધતિ, દરબાર અને મુલાકાતો પ્રસંગે ભજવવાના જુદા જુદા વેશપરિધાનની વિધા, ટૂંકમાં જેને 'એટિકેટ' શબ્દથી ઓળખાવાય છે તેવી બધી રીતભાતનું શિક્ષણ આ શાળામાં અગ્રસ્થાને હતું. વળી વખતોવખત આ શાળામાં ગોઠવાતા યુરોપિયન અમલદારોનાં સંમેલન વખતે દારૂ વહેંચવાની, સિગારેટ સળગાવવામાં મદદ કરવાની અને એવી બીજી શિષ્ટાચારની તાલીમ અપાતી."[૫૫]

રાજકુમારો માટેની વિશિષ્ટ શિક્ષણસંસ્થાઓ આમ એમને વિદેશી રહેણીકરણી પ્રતિઆકૃષ્ટ કરતી. અંગ્રેજ શિક્ષકોની અધિકતાને લીધે એ સંસ્થાઓનું વાતાવરણ વિદેશી ઢબનું રહે, એ સ્વાભાવિક છે. વળી, વિદ્યાર્થીઓ પર એમના શિક્ષકોના આચારવિચારોની અસર પણ થાય એ સમજી શકાય એમ છે. કલ્યાણરાય જેઠાભાઇ બક્ષી (૧૮૫૮-૧૯૨૨)ના જીવનચરિત્રમાં, રાજકોટની રાજકુમાર કોલેજમાંથી બહાર પડેલા રાજવીઓને ત્યાં પ્રાપ્ત થયેલા સંસ્કારોને લીધેઘ અતિ ખર્ચાળ રહેણીકરણીની આદતો પડેલી એટલું જ નહીં, પરંતુ એ રાજવીઓ વચ્ચે ખર્ચાળ જીવન ગુજારવાની હરીફાઇ જામેલી એ હકીકતની નોંધ લેવામાં આવી છે.[૫૬] વડોદરાના મહારાજા સયાજીરાવ (૧૮૬૩-૧૯૩૯) પણ અંગ્રેજ શિક્ષકો પાસેથી મળેલી 'આંગ્લવિદ્યા'ને કારણે નાસ્તિક બની ગયા હતા, એવો કેટલાકનો મત હતો.[૫૭] અલબત્ત, એમણે કોઇ સંસ્થામાં નહીં, પરંતુ અંગ્રેજ શિક્ષકો ધ્વારા ઘરઆંગણે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

સમગ્ર રીતે જોતાં, આ સંસ્થાઓએ રાજકુમારોની ભાવિ જરૂરિયાતને લક્ષમાં રાખીને સંગીન અને ફળદાયી શિક્ષણક્રમ ઉપસાવ્યો ન હતો, એમ કહી શકાય. આના કરતાં, દેશી અને વિદેશી શિક્ષકો ધ્વારા, મહારાજા સયાજીરાવને ઇ.સ. ૧૮૭૫થી ઇ.સ. ૧૮૮૧ સુધીનાં છ વર્ષ દરમ્યાન, ઘરઆંગણે જે કેળવણી મળી તે વધુ સંગીન હતી, એમ એમના શિક્ષણનો સકલ કાર્યક્રમ જોતાં જણાય છે.[૫૮] મહારાજા સયાજીરાવના

દીર્ઘ શાસન (૧૮૮૧-૧૯૩૯) દરમ્યાન વડોદરા રાજ્યે વિવિધ ક્ષેત્રે જે પ્રગતિ સાધી, એમાં મહારાજાને મળેલા શિક્ષણે અને તે દ્વારા ઘડાયેલી એમની દૃષ્ટિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

૬.૭ સમાપન :

પ્રસ્તુત પ્રકરણમાં, બ્રિટિશ પદ્ધતિના શિક્ષણમાળખામાં રહીને સામાન્ય સાક્ષરી શિક્ષણ આપતી શિક્ષણસંસ્થાઓમાં અનુપલબ્ધ, એવી વિશિષ્ટ પ્રકારની કેળવણીનો પ્રબંધ કરતી કેટલીક શિક્ષણવ્યવસ્થાઓનું ચિત્ર, અધ્યિયન ચરિત્રસાહિત્યનો આધાર લઈને ઉપસાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. એ પૈકી બ્રાહ્મણ વિદ્યાર્થીઓના શિક્ષણનો પ્રબંધ કરતી પાઠશાળાઓની શિક્ષણવ્યવસ્થા, ગુજરાતને પરંપરા દ્વારા પ્રાપ્ત થયેલી હતી- ભૂતકાળમાં ઘણા લાંબા સમયથી આ પ્રકારની શિક્ષણવ્યવસ્થા, બ્રાહ્મણ વિદ્યાર્થીઓને વિદ્યા અને વ્યવસાયનું શિક્ષણ આપવાનું મહત્ત્વનું કામ કરતી આવી હતી, એ હકીકતની અત્રે નોંધ લેવી ઘટે. સ્થિતિચુસ્તતા એ આ પ્રકારની શિક્ષણવ્યવસ્થાનું અપલક્ષણ હતું એ ખરું, તો પણ બ્રાહ્મણ બાળકોનાં શીલ, સંસ્કાર અને ચારિત્ર્ય ઘડવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી એણે દીર્ઘકાલથી નિભાવી હતી, એ હકીકતનો ઇન્કાર થઇ શકે તેમ નથી. ભારતની ધાર્મિક પરંપરાઓનું સાતત્ય પણ એણે નિભાવ્યું હતું. પરંતુ પશ્ચિમનાં શિક્ષણ ને સંસ્કૃતિએ આણેલી આંધીએ પ્રજાના એક વિશિષ્ટ વર્ગ બ્રાહ્મણો માટેની આ એક ઉત્તમ શિક્ષણપ્રણાલીની બુનિયાદ પણ હચમચાવી નાખી. અધ્યેયકાલ દરમ્યાન એની લોકપ્રિયતા ક્રમશ: ઘટતી ગઇ અને એ કાલગ્રસ્ત થતી રહી.

પ્રસ્તુત પ્રકરણમાં નિરીક્ષિત અન્ય શિક્ષણવ્યવસ્થાઓ અધ્યેયકાલ દરમ્યાન વિકસેલી હતી. એમાંની કેટલીક બ્રિટિશ કેળવણીની સંકુચિતતાના પ્રત્યાઘાતરૂપે જન્મી હતી. બ્રિટિશ કેળવણીનો વ્યાપક ઉદ્દેશ પૂર્વે કહેવાયું છે તેમ, ઘણો સંકુચિત હતો. એની બુનિયાદ મુખ્યત્વે રાજવહીવટમાં ઉપયોગી થાય, એવા કારકુનો અને અમલદારોનો કાફલો ઊભો કરવાના રાજકીય હેતુ પર ચણાયેલી હતી. ફલત: બાળકના સર્વાંગીણ ઘડતરની દૃષ્ટિએ અતિશય મહત્ત્વપૂર્ણ ગણાય એવી પૂર્વશાળા-શિક્ષણવ્યવસ્થા ઊભી કરવા અંગે, એમાં ઘોર ઉદાસીનતા સેવાયેલી જોવા મળે છે. પરંતુ ગુજરાતનું ગુજરાતનાં ભૂલકાંઓનું - એ સદ્ભાગ્ય હતું કે એને ગિજુભાઈ બધેકા, મોતીભાઇ અમીન, દરબાર ગોપાળદાસ જેવાં નરરત્નો સાંપડયાં. મોતીભાઇ અમીન

અને દરબાર ગોપાળદાસે બાલકેળવણીનો દીપ પેટાવ્યો અને ગિજુભાઇએ એનો પ્રકાશ ગુજરાતભરમાં રેલાવ્યો !

ગુજરાતમાં પ્રાદુર્ભૂત થયેલી વ્યાયામપ્રવૃત્તિ પણ બ્રિટિશ કેળવણીની અધૂરપની સ્વાભાવિક નિષ્પત્તિ હતી. એ કેળવણીએ મુખ્યત્વે મનની માવજત કરી, પણ શરીર અને આત્માની બહુધા ઉપેક્ષા જ કરી હતી. પુરાણીબંધુઓ દ્વારા પુરસ્કૃત અને તત્પશ્ચાત્ ગુજરાત વ્યાયામ મંડળ દ્વારા સંવર્ધિત વ્યાયામશાળાઓ કિશોરો અને યુવકોના શારીરિક, માનસિક, આધ્યાત્મિક - સર્વાંગીણ વિકાસનાં કેન્દ્રોસમ હતી એ તો દીવા જેવું ચોક્ખું છે. અધ્યેયકાલના અંતિમ દાયકાઓમાં આ વ્યાયામશાળાઓએ ગુજરાતના કિશોરો અને યુવકોના ઘડતરમાં રચનાત્મક ફાળો આપ્યો હતો. એની સફળતાનો યશ પુરાણીબંધુઓ જેવા વ્યાયામવીરો, તેમના વ્યાયામપ્રેમી સહપાંથીઓ અને ઇન્દુલાલ યાજ્ઞિક, સુમંત મહેતા વગેરે જેવા સેવાભાવી યુવકોને ઘટે છે.

અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં એક તરફ માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરી સમાજનો ઉજળિયાત વર્ગ સમૃદ્ધ થતો જતો હતો, વર્ચસ્વ જમાવી રહ્યો હતો ત્યારે બીજી તરફ એવું શિક્ષણ પ્રાપ્ત કરવાની સંપન્નતાના અભાવે અને નવા હુન્નર ઉદ્યોગો વિશેના અજ્ઞાનને લીધે, કારીગર અને કૃષકવર્ગ દયનીય હાલતમાં મુકાતા લાગ્યા હતા. બુદ્ધિજીવીઓ અને શ્રમજીવીઓ વચ્ચેનું અંતર વધતું જતું હતું. એ અંતર વિદારવાના શુભ હેતુથી પ્રેરાઇને, વૈજ્ઞાનિક પદ્ધતિએ વિવિધ હુન્નરઉદ્યોગનું શિક્ષણ આપતી સંસ્થા સ્થાપવાની પહેલ કરી, મહારાજા સયાજીરાવે ગુજરાતના જ નહીં, પરંતુ ભારતના શિક્ષણના ઇતિહાસમાં અગ્રપદ પ્રાપ્ત કરી લીધું હતું. પૂર્વોક્ત સંસ્થાનો લાભ અધ્યેયકાલ દરમ્યાન ગુજરાત અને ગુજરાત બહારના વિદ્યાર્થીઓએ સારા પ્રમાણમાં લીધો. ધંધાકીય શિક્ષણસંસ્થા કલાભવનની સફળતામાં પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરનો ફાળો ઘણો મોટો રહ્યો છે.

રાજકુમારો માટેની શિક્ષણસંસ્થાઓની સ્થાપના, મહદ્અંશે એક રાજકીય કરામત હોય એમ ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતા સંદર્ભોને આધારે જણાય છે. રાજકુટુંબોમાંથી આવતા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ઉપયોગી થાય એવી સંગીન કેળવણી ત્યાં ભાગ્યે જ મળતી એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

ગુજરાતની કેટલીક વિશિષ્ટ શિક્ષણવ્યવસ્થાનું ચિત્ર અધ્યેયકાલ દરમ્યાન

ઉપર પ્રમાણે રહેવા પામ્યું હતું.

## સંદર્ભસૂચિ


૧. મહેતા, ચંદ્રવદન ચી. : બાંધ ગઠરિયાં (ભાગ-૧), સુરત, ગાંડીવ સાહિત્ય-મંદિર, ૧૯૫૪, પૃ.૪૦.

૨. નિરંજન વર્મા : 'કર્મવીર ફૂલચંદભાઇ' જીવનશિલ્પીઓ, મુંબઇ-અમદાવાદ ભારતી સાહિત્યસંઘ, ૧૯૪૩, પૃ.૫.

૩. પટેલ, રાવજીભાઇ મોતીભાઇ : યુવકરત્ન, અમદાવાદ, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૧૮, પૃ.૩૬.

૪. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન', અર્વાચીન ગુજરાતી શિક્ષણનાં સવાસો વર્ષ, સુરત, પ્રકાશક : લેખક સ્વયં, વર્ષ : અપ્રાપ્ય, પૃ.૫૭-૫૮.

૫. એજન.

૬. પટેલ, ઇશ્વરભાઇ જે. : 'ચરોતરનું મોતી' - મોતીભાઇ અમીન , વડોદરા, એમ. સી. કોઠારી, ૧૯૬૩, પૃ. ૧૧૫.

૭. પટેલ, રાવજીભાઇ મોતીભાઇ : ઉપર્યુદ્ધૃત.

૮. ઇન્દુલાલ યાજ્ઞિક : આત્મકથા (ભાગ-૨ 'ગુજરાતમાં નવજીવન'), અમદાવાદ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૫૫, પૃ. ૨૩૬-૩૭.

૯. પટેલ, રાવજીભાઇ મોતીભાઇ : ઉપર્યુદ્ધૃત.

૧૦. નાનાભાઇ ભટ્ટ : ઘડતર અને ચણતર (ભાગ-૧-૨), આંબલા (સૌરાષ્ટ્ર), સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિમિટેડ, ૧૯૫૯, પૃ. ૧૬૦.

૧૧. જોષી, મૂળશંકર પ્રાણશંકર અને દવે, હરિપ્રસાદ રામચંદ્ર : પ્રાણલાલ કીરપારામ દેસાઇ સન્માનગ્રંથ, ચીતળ (સૌરાષ્ટ્ર) ગિરિજાશંકર રામશંકર દવે, ૧૯૪૮, પૃ. ૨૦૩.

१२. પટેલ, ઇશ્વરભાઇ જે. : ઉપર્યુકત., પૃ. ૧૫૨.

१३. પટેલ, રામભાઇ કાશીભાઇ : દરબાર ગોપાળદાસ સ્મારકગ્રંથ, વસો, દરબાર સ્મારક સમિતિ, ૧૯૫૫, પૃ. ૬૫.

१४. પટેલ, ઇશ્વરભાઇ જે. : ઉપર્યુકત., પૃ. ૧૫૨-૧૩.

१५. એજન., પૃ. ૨૮.

१६. રાવળ, રવિશંકર મ. : આત્મકથામક (ખંડ-૧), અમદાવાદ કલારવિ ટ્રસ્ટ વતી કુમાર કાર્યાલય, ૧૯૬૭, પૃ. ૧૯૯-૨૦૦.

१७. તોલાટ, શાંતિલાલ ગુલાબદાસ : ભોગીન્દ્રરાવ દીવેટીઆ (જીવન, સમય અને સાહિત્ય), અમદાવાદ, દીવેટીઆ એન્ડ સન્સ, ૧૯૩૪, પૃ.૪૨-૪૩.

१८. પોય, મનસુખલાલ મોહનલાલ : શ્રી સયાજી ગૌરવગ્રંથ, વડોદરા, જન્મદિવસ મહોત્સવ મંડળ, ૧૯૩૩, પૃ. ૧૫૭-૫૮.

१९. ત્રિવેદી, અશ્વિન મા., શાહ, સાંકળચંદ જે. અને શાહ, રસિકલાલ કે. : પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરની જીવનકથા, વડોદરા, પ્રાચ્ય વિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, ૧૯૬૦, પૃ.૨૪-૨૫.

२०. એજન., પૃ. ૮-૯.

२१. એજન., પૃ. ૨૫.

२२. પોટા, મનસુખલાલ મોહનલાલ : ઉપર્યુકત., પૃ. ૧૬૩-૬૫.

२३. ત્રિવેદી, અશ્વિન મા., શાહ, સાંકળચંદ જે. અને શાહ, રસિકલાલ કે. : ઉપર્યુકત., પૃ. ૨૦.

२४. એજન., પૃ. ૨૨.

२५. એજન.,

२६. પોટા, મનસુખલાલ મોહનલાલ : ઉપર્યુકત., પૃ. ૧૬૫.

२७. એજન., પૃ. ૧૬૭.

૨૮. એજન., પૃ. ૧૬૮-૭૦

૨૯. એજન., પૃ. ૧૭૪.

૩૦. દેસાઇ, રમણલાલ વ. : ગઇકાલ, મુંબઇ, આર. આર. શેઠની કંપની, ૧૯૫૦, પૃ. ૩૫૭.

૩૧. કિશનસિંહ ચાવડા : શ્રી અંબુભાઇ પુરાણી (ષષ્ટિપૂર્તિ અભિનંદનગ્રંથ) વડોદરા, શ્રી અંબુભાઇ ષષ્ટિપૂર્તિ સમારંભ સમિતિ, ૧૯૫૫, પૃ. ૧૩૭.

૩૨. ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુક્ત., પૃ. ૬૨.

૩૩. કિશનસિંહ ચાવડા : ઉપર્યુક્ત., પૃ. ૨૬-૨૭.

૩૪. એજન., પૃ. ૨૯.

૩૫. ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુદ્ધૃત.

૩૬. એજન., પૃ. ૬૬.

૩૭. કિશનસિંહ ચાવડા : ઉપર્યુક્ત., પૃ. ૧૧.

૩૮. એજન., પૃ. ૧૩૪-૩૫.

૩૯. એજન., પૃ. ૭૦.

૪૦. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુક્ત., પૃ. ૯૮.

૪૧. પોટા, મનસુખલાલ મોહનલાલ : ઉપર્યુક્ત., પૃ. ૭૪

૪૨. ત્રિવેદી, છોટાલાલ દલપતરામ : 'સ્વ. મગનલાલ દલપતરામ કવિની જીવનરેખા' જ્યોતિ, મહુવા, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૨૩, પૃ. ૫૩.

૪૩. જોષી, કલ્યાણરાય નથુભાઇ : સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી, મુંબઇ, માધવજી દામોદર ઠાકરસી, ૧૯૩૨, પૃ. ૩૭.

૪૪. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુદ્ધૃત.

૪૫. ભટ્ટ, છોટાલાલ નરભેરામ (સંપા. ગોવિંદલાલ હરગોવિંદ ભટ્ટ): આત્મવૃત્તાંત, વડોદરા પ્રાચ્ય મંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, ૧૯૫૩, પૃ. ૧૪.

૪૬. દેસાઈ, રમણલાલ વ. : ઉપર્યુક્ત., પૃ. ૧૫૧.

૪૭. ત્રિવેદી, છોટાલાલ દલપતરામ : ઉપર્યુદ્ધૃત.

૪૮. દેસાઈ, રમણલાલ વ. : ઉપર્યુદ્ધૃત.

૪૯. સુમંત મહેતા (સંપા. ભોગીલાલ ગાંધી) : આત્મકથા, અમદાવાદ, મહાકવિ શ્રી નાનાલાલ સ્મારક ટ્રસ્ટ, ૧૯૭૧, પૃ. ૩૭૧.

૫૦. પટેલ, રામભાઈ કાશીભાઈ : ઉપર્યુક્ત., પૃ. ૧૧.

૫૧. શાહ, મૂળચંદ આશારામ : આશારામ દલીચંદ શાહ અને તેમનો [illegible]સમય, અમદાવાદ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૩૪, પૃ. ૧૦.

૫૨. પોટા, મનસુખલાલ મોહનલાલ : ઉપર્યુક્ત., પૃ. ૨૩.

૫૩. સુમંત મહેતા : ઉપર્યુક્ત., પૃ. ૩૭૧-૭૨.

૫૪. ઠાકોર, બલવંતરાય ક. : (સંપા. કિશનસિંહ ચાવડા) : 'મિતાક્ષર નોંધ', પંચોતેરમે, મુંબઈ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૪૬, પૃ. ૫૨-૫૩.

૫૫. પટેલ, રામભાઈ કાશીભાઈ : ઉપર્યુક્ત., પૃ. ૧૧-૧૨.

૫૬. બક્ષી, હિંમતલાલ કલ્યાણરાય : રા. રા. કલ્યાણરાય જેઠાભાઈ બક્ષીનું જીવનવૃત્તાંત, વડોદરા, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૪૭, પૃ. ૨૧.

૫૭. પોટા, મનસુખલાલ મોહનલાલ : ઉપર્યુક્ત., પૃ. ૩૦.

૫૮. એજન., પૃ. ૨૩-૩૧.

○ ○ ○ ○ ○

"કેળવણીના કોઇ પણ નક્કર ધ્યેયમાં, બાળકની પરીક્ષાર્થી તરીકેની કે રોટલો કમાનાર તરીકેની ભાવિ જરૂરિયાતોનો ખ્યાલ કરતા અગાઉ એની વર્તમાન જરૂરિયાતો લક્ષમાં લેવી ઘટે. ઉપરાંત બાળકની મૂલ્યભાવના, એનાં વ્યક્તિગત વલણો તેમ જ એના નિત્યજીવનમાં જેનો સતત સંપર્ક રહે છે તેવા મિત્રો, સહપાઠીઓ તથા કુટુંબ સાથેના એના જીવનવિકાસનો ખ્યાલ રાખવો ઘટે, છતાં એ ભુલાવું ન જોઇએ કે કેટલેક અંશે એ પડદા પર નજરે પડતી વા રેડિયોના અવાજ દ્વારા સંપર્કમાં આવતી વ્યક્તિઓ સાથેય સંસર્ગમાં હોય છે.

-- પી. ગરે

○ ○ ○ ○ ○